## સંતવાણી ગ્રંથાવલિ ૧૧

# સ્વામી સહજાનંદ



# સ્વામી સહજાનંદ

**(Swami Sahajananda)**


સંકલન

પ્રો. બલ્લુભાઈ દુર્લભભાઈ નાયક

(અમલસાડ)



નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.


**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**દશ રૂપિયા**



© ગુજરાત દિવ્ય જીવન સંઘ



ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. સહજાનંદ સ્વામીનું જીવનચરિત્ર | ૧ |
| ૨. સહજાનંદ સ્વામીના ઉપદેશો | |
|     ૧. ઉપદેશવિશિષ્ટતા | ૩૭ |
|     ૨. પંચવર્તમાન | ૩૮ |
| ૩. આત્મા – અનાત્માવિવેક | ૪૨ |
| ૪. સત્સંગ | ૪૩ |
| ૫. એકાંતિકની મુક્તિ | ૪૬ |
| ૬. ધર્મ | ૪૭ |
| ૭. જ્ઞાન | ૫૨ |
| ૮. અવતારવાદ | ૫૪ |
| ૯. વૈરાગ્ય | ૫૫ |
| ૧૦. ભક્તિ | ૫૬ |

# ૧. સહજાનંદ સ્વામીનું જીવનચરિત્ર

ભારતવર્ષ ભક્તોની, સંતોની, ઋષિમુનિઓની, ભગવાનના અવતારોની અને દિવ્ય જીવન જીવનાર મહાન વિભૂતિઓની ભૂમિ છે. વેદયુગ, રામયુગ, કૃષ્ણયુગ, બુદ્ધયુગ, મહાવીરયુગ, શંકરાચાર્યયુગ અને વલ્લભાચાર્યયુગનો ધાર્મિક ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે. વેદોનું જ્ઞાન, રામના સત્ય અને જીવનના ઉચ્ચ આદર્શો, કૃષ્ણનો પ્રેમ અને કર્મયોગ, બુદ્ધની કરુણા અને અહિંસા, મહાવીરનાં તપ અને ત્યાગ, શંકરાચાર્યનો જ્ઞાનમાર્ગ, વલ્લભાચાર્યની પ્રેમલક્ષણા ભક્તિ — આ બધાં ભારતીય સંસ્કૃતિના ભવ્ય મંદિરના સુવર્ણ કળશો છે. સંસ્કૃતિના આ મંદિર ઉપર નવા બે કળશો — નૈષ્ઠિક બ્રહ્મચર્ય અને આચારવિચાર શુદ્ધિના — પ્રસ્તુત પુસ્તકના ચરિત્રનાયક સહજાનંદ સ્વામીએ પણ ચડાવ્યા છે.

સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીનો જન્મ ઈ.સ. ૧૭૮૧ની એપ્રિલ માસની બીજી તારીખ ૨-૪-૧૭૮૧ ને સોમવારે, વિક્રમ સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ ૯ એટલે કે રામનવમીના પવિત્ર દિવસે, ઉત્તર પ્રદેશમાં અયોધ્યા નજીક છપૈયા ગામમાં રાત્રે દશ વાગ્યે થયો હતો. એમના પિતાનું નામ હરિપ્રસાદ પાંડે (ધર્મદેવ) અને માતાનું નામ પ્રેમવતી (ભક્તિદેવી) હતું. એમનું બાળપણનું મૂળ નામ ઘનશ્યામ. રામપ્રસાદ એમના મોટા ભાઈ, સુવાસિની એમનાં ભાભી અને ઇચ્છારામ એમના નાના ભાઈ હતા.

ઘનશ્યામને આઠમે વર્ષે યજ્ઞોપવીત આપ્યું. પિતા એમને

વૈદિક ગ્રંથોનો અભ્યાસ કરાવતા. નાની ઉંમરે વ્રતો કરવાં, નિયમો પાળવા, કથા અને ધાર્મિક વાર્તાઓ સાંભળવી તથા દેવદર્શને જવું વગેરે પ્રવૃત્તિઓમાં એમનો રસ હતો. પુત્રની ધાર્મિક વૃત્તિ અને વૈરાગ્યને પિતા જાણી ગયા હતા. પિતાએ એમના અંતકાળ સમયે એમના બે પુત્રોને જણાવ્યું કે, ''તમે ઘનશ્યામની સંભાળ રાખજો, એ ઘર માંડશે નહીં, ભૂખ્યો હશે તોયે એ ખાવાનું માગશે નહીં.''

નાની ઉંમરે પ્રથમ માતાના, ત્યાર બાદ પિતાના અવસાન બાદ બાર વર્ષની કુમળી વયે સંવત ૧૮૪૯માં અષાડ સુદ દસમને દિવસે એમણે ગૃહત્યાગ કર્યો. તેમણે નીલકંઠ નામ ધારણ કર્યું. મોટા ભાઈ, ભાભી અને નાના ભાઈએ એમની શોધ કરી અને વિલાપ કર્યો. પરંતુ તેમનો પત્તો લાગ્યો નહીં. નીલકંઠ તો સરયૂ નદી ઊતરીને હિમાલય તરફ પ્રયાણ કર્યું હતું. તેઓ ત્યાં યોગીઓ, સાધુઓ અને સંતોને મળ્યા. ધર્મ અને આત્મા વિશે પ્રશ્નો પૂછ્યા.

માનવજાતને અનેક મુશ્કેલીઓ અને આપત્તિઓથી એમણે પીડાતી જોઈ હતી. તે દૂર કરવાનો માર્ગ શોધવા તેમના મનમાં મનોમંથન ચાલતું હતું. દુનિયાના અનેક ભોગવિલાસનાં પ્રલોભનોનો તેમણે ત્યાગ કર્યો. સંસારનાં બંધનોથી તેઓ સંપૂર્ણપણે મુક્ત બન્યા. ગૌતમ બુદ્ધના મહાભિનિષ્ક્રમણ સાથે સરખામણી કરતાં બંનેમાં જગતહિત અને માનવકલ્યાણની ભાવના જોવા મળે છે. બાળપણથી જ તેમનામાં દૈવી શક્તિઓ, પવિત્રતા, દયા અને સેવાવૃત્તિ, પ્રેમ અને નિર્વૈરની ભાવના, કુશાગ્ર બુદ્ધિ અને લોકકલ્યાણની ભાવના દેખાતી હતી. તેઓ

પોતાનો પરિચય આપતાં કહેતા: ''ધર્મ મારા પિતા છે અને ભકિત મારી માતા છે.''

તેમણે પ્રથમ પુલહાશ્રમ આવી મુક્તનાથનાં દર્શન કર્યાં. ત્યાર બાદ હિમાલયની તળેટીમાં ગોપાલયોગી પાસે એક વર્ષ રહી યોગાભ્યાસ કરી અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો. ગોપાલયોગીએ કહેલું, ''ગિરનારની છાયામાં તમને ગુરુ મળશે.'' ત્યાર બાદ પૂર્વ બંગાળ અને જગન્નાથપુરી ગયેલા. ત્યાંથી તેઓ અદિકૂર્મ, માનસપુર, વેંકટાદ્રિ, શિવકાંચી, વિષ્ણુકાંચી, શ્રીરંગક્ષેત્ર, સેતુબંધ, રામેશ્વર, ધનુષકોટિ વગેરે તીર્થયાત્રાનાં સ્થળોએ ગયેલા. પછી તેમણે સુંદરરાજ, પદ્મનાભ, સાક્ષીગોપાલ વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી. ત્યાર બાદ પંઢરપુર ગયેલા. પછી નાશિક થઈ તેઓ ગુજરાતમાં આવેલા.

સંવત ૧૮૫૬ના શ્રાવણ વદ છઠ ને બુધવારના દિવસે સૂર્યોદય પછી તેઓ કાઠિયાવાડના માંગરોળ નજીકના લોહેજ ગામમાં આવેલા. ગોપાલયોગીની આગહી મુજબ ગિરનાર પાસેના લોહેજ ગામમાં રામાનંદ સ્વામીના શિષ્ય બનવા લોહેજનો આશ્રમ જાણે એમને આમંત્રણ આપી રહ્યો હતો ! રામાનંદના શિષ્ય મુક્તાનંદ કેટલાક સાધુઓ સાથે ત્યાં રહેતા હતા.

એમાંના એક સાધુ સુખાનંદે એમને પ્રશ્ન પૂછ્યો: ''ક્યાંથી પધારો છો?''

નીલકંઠે જવાબ આપ્યો, ''બ્રહ્મપુરથી.''

સુખાનંદે બીજો પ્રશ્ન પૂછ્યો, ''ક્યાં જવા ઈચ્છો છો?''

નીલકંઠે જવાબ આપ્યો, ''જ્યાંથી આવ્યા છે, ત્યાં જ.''

સુખાનંદે ત્રીજો પ્રશ્ન પૂછ્યો, ''તમારાં માબાપ કોણ?''

નીલકંઠે જવાબ આપ્યો, ''જ્યાંથી હું આવ્યો છું ત્યાં મને લઈ જાય તે મારાં માબાપ. બીજા કોઈને હું ઓળખતો નથી.''

ત્યાર બાદ સુખાનંદે નીલકંઠને મુક્તાનંદ સ્વામીની અને અન્ય સાધુઓની ઓળખાણ કરાવી.

લોહેજના આશ્રમમાં નીલકંઠ વહેલા ઊઠી, ઠંડા પાણીએ સ્નાન કરી, ઈશ્વરનું ધ્યાન ધરતા. તેઓ ગાય દોહતા, છાણ વગેરે સાફ કરતા. આ સમયે રામાનંદ સ્વામી કચ્છમાં હતા. મુક્તાનંદ સ્વામીએ અને નીલકંઠે પત્ર લખી એમને કચ્છથી લોહેજ પધારવા માટે વિનંતી કરી. તેઓ આવ્યા. લોહેજના આશ્રમમાં મુક્તાનંદ સ્વામી સ્ત્રી અને પુરુષોની ધાર્મિક સભામાં પ્રવચન કરતા. જ્યારે નીલકંઠ ફક્ત પુરુષોની ધાર્મિક સભામાં પ્રવચન આપતા. શ્રોતાઓ નીલકંઠની કથા સાંભળવા જઈને બેસવા લાગ્યા.

તે સમયે ધાર્મિક સભાઓમાં પુરુષો અને સ્ત્રીઓને અલગ બેસાડવાની વ્યવસ્થા નીલકંઠે કરાવી. પાછળથી દેવમંદિરોમાં સ્ત્રીઓ માટે જુદો દરવાજો રખાવવાની વ્યવસ્થા તેમણે કરાવી. મંદિરોમાં સ્ત્રીપુરુષોના પરસ્પર સ્પર્શની સખત મનાઈ કરવામાં આવી. મુક્તાનંદ સ્વામીએ આ મર્યાદાને 'અતિ વૈરાગ્યવાળી' કહી હસી કાઢી. રામાનંદ સ્વામીની બે શિષ્યાઓ હરબાઈ અને વાલબાઈએ આ જુદા બેસવાની પ્રથા સામે અસંમતિના સૂરો પણ કાઢ્યા જેથી તેમને સત્સંગમાંથી વિમુખ કરેલાં. નીલકંઠના બ્રહ્મચર્યની સત્સંગ કરનારાઓ પર ઊંડી છાપ પડી હતી.

રામાનંદ સ્વામી કચ્છમાંથી કાઠિયાવાડમાં લોહેજ ગામમાં આવ્યા. રામાનંદ સ્વામી કહેતા કે, ''જે સાત મજલાનો ભવ્ય

મહેલ બાંધવો છે, તે માટે મેં તો બે ઈંટો જ ભેગી રાખી હતી. એ મહેલ બાંધનારો હવે આવી પહોંચ્યો છે. હું તો ડુગડુગી બજાવનારો છું. ખરો રમનાર નટ તો પાછળ ચાલ્યો આવે છે. તે આજે આવ્યો છે. હવે તેની રમત તમને આનંદ આપશે.'' રામાનંદ સ્વામી અને નીલકંઠનું મિલન અપૂર્વ હતું. સંવત ૧૮૫૭ના કારતક સુદ અગિયારસે નીલકંઠે રામાનંદ સ્વામીના હસ્તે ઉદ્ધવ સંપ્રદાયની મહાદીક્ષા પિપલાણામાં ગ્રહણ કરી.

રામાનંદ સ્વામીએ નીલકંઠનાં સહજાનંદ અને નારાયણ મુનિ એવાં બે નામ પાડ્યાં. સહજાનંદ નામ યોગ્ય હતું. કારણ કે તેઓ પોતાના પરિચયમાં આવનાર વ્યક્તિઓને સ્વાભાવિક રીતે આનંદ ઉપજાવતા. ત્યાર બાદ રામાનંદ સ્વામી સહજાનંદને આધ્યાત્મિક સાધનામાં સાથે રાખવા લાગ્યા. રામાનંદ સ્વામી પછી સહજાનંદ સ્વામી ઉદ્ધવ સંપ્રદાયની ગાદીના આચાર્ય બન્યા. રામાનંદ સ્વામીએ સહજાનંદને ધર્મધુરા સોંપી.

રામાનંદ સ્વામીનો જન્મ જન્માષ્ટમીના દિવસે થયો હતો, જ્યારે સહજાનંદ સ્વામીનો જન્મ રામનવમીના દિવસે થયો હતો. બંનેનાં માતાપિતા અયોધ્યા નજીકનાં રહેવાસી અને બ્રાહ્મણ કુળમાં જન્મ્યાં હતાં. બંનેનો ઉછેર ભક્તિવાળા વાતાવરણમાં થયેલો. બંને ઈશ્વરની શોધ કરવા બાળપણથી નીકળી પડેલા. રામાનંદ સ્વામીના ગુરુનું નામ આત્માનંદ હતું. સહજાનંદ સ્વામીના ગુરુનું નામ રામાનંદ સ્વામી હતું. બંનેએ ગુરુ કરતાં ચેલા ચડે એ કહેવત સાચી પાડી. બંનેનું વ્યક્તિત્વ અનોખું હતું. છતાં બંનેમાં એકતાનો અતૂટ દોર સમાન રીતે જોવા મળતો. બંને ગુરુની શોધમાં ફરતા સૌરાષ્ટ્રમાં આવ્યા હતા.

તેઓ યોગવિદ્યામાં પારંગત હતા. એમની આંખમાં કરુણા હતી. વાણીમાં અમૃત હતું. જીવન પ્રેમની ઝલકથી ઝળકી રહ્યું હતું. એમના સાધુઓ શીલમાં, શિસ્તમાં, વૈરાગ્યમાં અને ત્યાગમાં ઉત્તમ સાધનાવાળા હતા. તેઓ ક્ષમાપરાયણ હતા. તેમનામાં વ્યવહારદક્ષતા અને સાધુપરાયણતા હતાં. નિષ્કુળાનંદ, બ્રહ્માનંદ અને અદ્વૈતાનંદને સહજાનંદ સ્વામીની દિવ્ય શક્તિનો પરિચય થયો હતો.

ચમત્કારો અને સમાધિ દ્વારા મોક્ષ મેળવવાની ઈચ્છા રાખનારને પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવી પ્રભુ સન્મુખ કર્યા. નીતિ અને ધર્મના પ્રચાર માટે બુદ્ધિ, કાર્યશક્તિ અને ધગશ ધરાવનાર યુવાનોને શોધી કાઢી એક જ રાત્રિમાં ૫૦૦ને પરમહંસ કક્ષાની સાધુદીક્ષા આપી. આ બાબત તેમની આકર્ષક પ્રતિભા અને દિવ્ય વ્યક્તિત્વની સૂચક છે. ધર્મના ઈતિહાસમાં આ એક અજોડ ઘટના છે.

ભારતના આચાર્ય પરંપરાના ધાર્મિક ઈતિહાસમાં સહજાનંદ સ્વામીનું નામ અમર રહેશે. એમની વાણીમાં ગૌતમ બુદ્ધના જેવી કરુણા, મહાવીરના જેવી અહિંસા, ઈશુનો પ્રેમ, ઈસ્લામની શ્રદ્ધા, પારસી ધર્મનો સદાચાર અને વેદની બ્રહ્મભાવના જોવા મળે છે. એમણે ગુજરાતના સંસાર જીવનને ચેતનવંતો કર્યો છે. એમણે પોતાના જીવંત સાન્નિધ્ય, સંભાળ, કાળજી અને ઉપદેશથી સત્સંગીઓને આધ્યાત્મિક વિષયનું ભાથું બંધાવ્યું. તેઓ સદાચારનો સંદેશો સર્વત્ર ફેલાવતા.

સહજાનંદ સ્વામી તેમના ગુરુ રામાનંદ સ્વામી પાસે બે વરદાનો માગે છે:

''તમારા ભક્તોને એક વીંછીના ડંખ જેટલું પણ દુઃખ થવાનું હોય તો તે દુઃખ કોટિ વીંછીના ડંખની વેદના જેટલું મને થજો. પણ તમારા ભક્તોને તે દુઃખના અનુભવ ન થજો; એને સદાય સુખી રાખજો.''

''જે જે મોક્ષમાર્ગી જીવાત્મા હોય તેના નસીબમાં જે ગરીબાઈ હોય તો તે મને મળજો. પણ તમારા શિષ્યો અન્ન-વસ્ત્રે દુઃખી ન થાય.''

સ્વામીનારાયણ સંપ્રદાય પાળતી કોઈ વ્યક્તિ સાંસારિક દષ્ટિએ દુઃખી અને દરિદ્ર દેખાય એવું ભાગ્યે જ જોવા મળે છે.

સમસ્ત બ્રહ્માંડના સ્વામી અથવા નિયામક એક નારાયણ જ છે. તેમણે 'સ્વામીનારાયણ' નામનો નવો મંત્ર લોકોને આપ્યો. એમણે અનેક દેવદેવીઓ, ભૂતો અને પીરની ઉપાસના બંધ કરાવી. તે દિવસથી 'સ્વામીનારાયણ સંપ્રદાય' એવું નવું નામ મળ્યું. સહજાનંદ સ્વામીએ સમાજના વહેમો કાઢ્યા. જંતરમંતર કાઢ્યા. શિકાર છોડાવ્યા. બીડી અને બીભત્સ શબ્દો છોડાવ્યા. એને બદલે શુદ્ધ આચાર અને ધર્મ સ્થાપ્યો.

હરિજન અને વાઘરીને આચારમાં બ્રાહ્મણ જેવા કર્યા. તોફાની લોકોને શાંત અને ઉદ્યમી કર્યાં. ઉડાઉને કરકસરિયા કર્યા. લોભીઓને દાની કર્યા. ફૂંક મારીને આ જીવનના જાદુગરે સમાજને ફેરવી નાંખ્યો. સંસ્કારિતાની હવાએ સૌને આવરી લીધા. પહેરવેશમાં ભગવો પોશાક નિશ્ચિત થયો. મંદિરો રચાયાં, વિધિપૂર્વકની પૂજા આપી. આરતી, કથા, કીર્તનો અને સંસ્કૃત ગ્રંથો રચાયા. સંપ્રદાયની વ્યવસ્થા માટે ગુરુઓની પસંદગી થઈ. ધર્માદા પ્રથા દાખલ થઈ. દરેક વ્યક્તિએ પોતાની

આવકનો દશમો કે વીસમો ભાગ ધર્માદા માટે કાઢવો જોઈએ એમ તેઓ કહેતા. સ્વામીનારાયણ સંપ્રદાયને 'ઊજળા પંથ' તરીકે લોકોએ બિરદાવ્યો.

તેમણે રચનાત્મક કાર્યો પોતાના પરમહંસ મંડળની મદદથી શરૂ કરાવ્યાં. વાવ, કૂવા અને તળાવ ખોદાવવાની વ્યવસ્થા કરી. રસ્તાઓ કરાવ્યા. નદીના ઓવારાઓ બંધાવ્યા. અન્નક્ષેત્રો અને સદાવ્રતો ખોલાવ્યાં. ગૌશાળા, પાઠશાળા અને ધર્મશાળાઓ બંધાવી. આ બાબતમાં તેમણે ન્યાત, જાત, ધર્મ કે વર્ગનો ભેદ પાડ્યો નથી. વહેમ, વ્યસન અને જડતામાંથી સમાજને મુક્ત કર્યો. અંધશ્રદ્ધા અને અજ્ઞાનમાંથી સમાજનો ઉદ્ધાર કર્યો.

હોળી અને લગ્નપ્રસંગોએ ગવાતાં અશ્લીલ ગીતોને બદલે તુલસીવિવાહ, રુક્મિણીવિવાહ અને પ્રભુમહિમાનાં ગીતો ગાતાં કરી મૂક્યાં. દીકરીને દૂધપીતી કરવી, બાળહત્યા કરવી, પતિ પાછળ સતી થવું, પોતાની સ્ત્રીનું દાન કરવું, સ્ત્રીને તાડન કરવું, વિધવા સ્ત્રીને હેરાન કરવી, આવી લોકરૂઢ પ્રથા સમાજમાંથી નિર્મૂળ કરી.

સંસ્કૃતને બદલે માતૃભાષા ગુજરાતીમાં ઉપદેશ આપી એનો મહિમા વધાર્યો. સ્ત્રીઓને શિક્ષણ આપી ધર્મગ્રંથોના અભ્યાસ કરવા પ્રેરી. સ્ત્રીઓ માટે અલગ મંદિરો બંધાવ્યાં. તે દ્વારા સ્ત્રી ઉપદેશકો તૈયાર કર્યા. સ્ત્રીઓનું સ્થાન અને મોભો વધાર્યાં.

યજ્ઞમાં તથા ધાર્મિક સ્થળોએ થતી પશુહત્યા અને નરહત્યાનો વિરોધ કર્યો. તેને બદલે વિધિ પ્રમાણે અહિંસામય યજ્ઞો કરાવવાનો નવો ચીલો પાડ્યો. આને લીધે દંભી સાધુઓ, દુરાચારી ગુરુઓ, હિંસાવાળા રાજાઓ, વહેમ અને અંધશ્રદ્ધામાં

ફસાવતા બાવાઓ અને તેજોદ્વેષીઓનાં અપમાન, ગાળ, ત્રાસ, તિરસ્કાર અને માર સહજાનંદ સ્વામીના અનુયાયીઓને સહન કરવાં પડ્યાં.

તેમણે સમાજની ઉપેક્ષિત જાતિનો ઉદ્ધાર કર્યો. ઠગ, ચોર, લૂંટારુ અને બહારવટિયાઓને પ્રેમ અને દયાથી વશ કરી તેમના જીવનમાં પરિવર્તન આણ્યું. તેમને ઉચ્ચ કક્ષાના ભક્તો બનાવી સમાજમાં તેમને સૌને માનભર્યું સ્થાન અપાવ્યું. પછાત ગણાતી પ્રજામાં માણસાઈના દીવા પ્રગટાવવાનું કાર્ય તેમણે કર્યું.

કેટલાક ભ્રષ્ટાચારી બાવાઓ સહનશક્તિના મૂર્તિ સમા સહજાનંદ સ્વામીને કષ્ટ અને ત્રાસ આપવામાં પાછા ન પડતા. તેઓ તેમને હસતે મુખે આવકારતા. ભ્રષ્ટાચારીઓ તેમની સભાઓમાં ભંગાણ પડાવવા પ્રયત્નો કરતા, તોફાન મચાવતા, અને તેમને મારવા ફરતા. ત્યારે કાઠીઓ અને રજપૂતો એમનું રક્ષણ કરવા હથિયાર લઈને ખડા રહેતા.

તેઓ માનતા કે સાધુઓ આત્મસંયમી અને સખત પરિશ્રમ કરનારા પણ હોવા જોઈએ. તેથી સાધુઓ જ્યારે દિવસની દિનચર્યા કરીને સૂતા હોય ત્યારે સહજાનંદ સ્વામી તેમને અચાનક મધ્યરાત્રિએ બેત્રણ વાગ્યે ઉઠાડતા અને ધ્યાન કરવા અને જ્ઞાનચર્ચા કરવા બેસાડતા.

'પરિશ્રમ એ જ પારસમણિ'. સ્વામીનારાયણ સંપ્રદાયમાં શ્રમને મહત્તા આપવામાં આવી છે. એનો આરંભ સહજાનંદ સ્વામીએ પોતે કર્યો છે. ગઢડામાં જ્યારે મંદિર બાંધવાનું કામ શરૂ કર્યું ત્યારે બધા સાધુઓ નદીએ નાહવા જાય ત્યારે આવતાં ખાણમાંથી કાઢેલા પથ્થર પણ ઊંચકતા આવે એવો નિયમ

કરેલો. સહજાનંદ સ્વામી પોતે પણ એક પથ્થર માથે મૂકીને ઉપાડી લાવતા. તેઓ જાતે માટીનાં તગારાં માથે મૂકી લાવતા. જે સાધુઓ શ્રમ કરતા તેમને તેઓ અભિનંદન આપતા.

સ્વામીનારાયણ સંપ્રદાયમાં જોડાયેલા લોકો નાતબહાર મુકાતા, પછાત કોમને એમને ત્યાં કામ કરવા જતા લોકો અટકાવતા. શબ ઊંચકવા સગાંસંબંધીઓ ન આવતા. લોકો સહજાનંદ સ્વામી પર પથરા મારે, છાણ નાખે અને ઉપહાસ કરે પરંતુ તેઓ તો હંમેશાં સ્વસ્થ રહેતા. એમના સાધુઓની જનોઈ તોડી નાખવામાં આવતી. શિખાઓ ખેંચી કાઢતા. આથી સાધુઓ ઉપવાસ કરતા. એમને જ્યારે માર પડતો ત્યારે સહજાનંદ સ્વામીને અત્યંત દુ:ખ થતું. એમનામાં સહનશક્તિ અજબ પ્રકારની હતી.

વડતાલનો મશહૂર લૂંટારો જોબનપગી સહજાનંદ સ્વામીનો ચુસ્ત અનુયાયી બન્યો હતો. તેમણે નક્કી કરેલા બધા નિયમો તે પાળતો. ત્યારે લોકો કહેવા લાગ્યા, ''સ્વામીનારાયણ તો ગધેડાની ગાય કરે છે.'' એમના ઉપદેશે જાદુ કર્યો હતો. જંગલી અને પછાત જાતિઓમાંના લોકોના જીવનને પશુકોટિમાંથી ઊંચું લેવાને પ્રેરનારા સાધુસંતો સહજાનંદ સ્વામીએ તૈયાર કર્યા હતા.

ચંદ્ર ફરતી નક્ષત્રમાળ છે. તેવી સહજાનંદ સ્વામી ફરતી બ્રહ્મચર્ય અને આચારવિચારની શુદ્ધિવાળી અને વૈરાગ્યની સાક્ષાત્ મૂર્તિઓ સમી સંતમાળ શોભતી. પછાત ગણાતી કોળી, વાઘરી, મોચી, વાળંદ, કુંભાર, કાછિયા વગેરે જાતોમાંથી કામિની અને કાંચનનો ત્યાગ કરનાર સેંકડો ભક્તો નીકળ્યા. તેઓ ઉપદેશ કરવા માટે ગામેગામ ફરવા લાગ્યા. પછાત

કોમમાંથી પણ સંસ્કારી બ્રાહ્મણો જેવા હરિભક્તો બન્યા. લેખકો અને કવિઓ મળ્યા. ચિત્રકારો મળ્યા. તેઓ મોટા ઉત્સવો યોજતા. મંદિરો માટે તેમને મોટા વ્યવસ્થાપકો મળ્યા.

તેમણે અમદાવાદ, વડતાલ, ગઢડા, ભૂજ, જૂનાગઢ, મૂળી અને ધોલેરા વગેરે સ્થળોએ મોટાં મંદિરો બંધાવ્યાં. તેમણે સ્વામીનારાયણ સંપ્રદાયનું વ્યવસ્થિત માળખું તૈયાર કરાવ્યું. મંદિરમાં ભક્તિ થાય ત્યારે સભામંડપમાં વેદવેદાંતનું અને ધાર્મિક વિષયનું જ્ઞાન અપાતું. મંદિરમાં જે ભૂખ્યો આવે તેને અન્ન અપાતું. ત્યાં સાધુઓ માટે રહેવાની વ્યવસ્થા થતી. સત્સંગ અને ચર્ચા માટેનું મિલનસ્થાન ત્યાં બનાવ્યું.

મંદિરોમાં ધૂપ, દીપ, ફૂલ, ચંદન અને આરતીની વ્યવસ્થા થતી. હરિકથાઓ થતી. ત્યાં વ્યસનરહિત વિશુદ્ધ વાતાવરણ રહેતું. સ્નાને શુદ્ધ, આચારે શુદ્ધ, વસ્ત્રપરિધાને શુદ્ધ, એવા લોકોનું ત્યાં આગમન થતું. સ્વામીનારાયણ સંપ્રદાય એટલે સ્વચ્છતાનો સંપ્રદાય ગણાતો. સેવા આ સંપ્રદાયનો મહામંત્ર હતો. સર્વ જીવોના હિત માટે અને સુખ માટે બનતા પ્રયાસો તેઓ કરતા.

સહજાનંદ સ્વામીની કર્મભૂમિનાં બે કેન્દ્રો છે. સૌરાષ્ટ્રમાં ગઢડા અને ગુજરાતમાં વડતાલ. એમના કાર્યપ્રદેશનો વિસ્તાર કચ્છથી માંડીને ઠેઠ ધરમપુર, વાંસદા સુધી અને જૂનાગઢથી માંડીને ઠેઠ ઈડરિયા ગઢ સુધી ફેલાયો હતો. ગુજરાતને ગામડે ગામડે ફરી તેમણે જનતા પાસે શીલ અને સદાચારનું પાલન કરાવ્યું. તેઓ વાસ્તવદર્શી અને મહાપુરુષ હતા. તેમને મારનાર અને ત્રાસ આપનારનું પણ તેઓ કલ્યાણ ઈચ્છતા. પ્રજાના આધ્યાત્મિક

જીવનને ઉન્નત બનાવવામાં તેમનો અમૂલ્ય ફાળો છે.

વડતાલ અને અમદાવાદમાં કારતક સુદ અગિયારસે તથા રામનવમીએ એમ બે પ્રસંગોએ ઉત્સવ ઊજવાતો. આ પ્રસંગે તેઓ તેમના શિષ્યોના પરિચયમાં રહેતા. આ યોજનાથી સંપ્રદાયના બંધારણને મોટી સહાય મળી. શિસ્ત અને પ્રગતિમાં નવું બળ ઉમેરાયું. કાર્યક્રમ પ્રસંગે તેઓ અચૂક હાજર રહેતા. કાર્યક્રમને સફળ બનાવવા તેઓ પરિશ્રમ કરતા. આ પ્રસંગે સત્સંગીઓને પડતાં સુખદુ:ખની ખબર લેવાતી હતી. જરૂર પડે ત્યારે તેમને મદદ મોકલાતી હતી. તેમની સાથે જ્ઞાનચર્ચા અને જ્ઞાનવાર્તા થતી.

ઉત્સવ પ્રસંગે એમના શિષ્યો એમને ભેટ આપતા. નિષ્કુળાનંદ સ્વામી એમને માટે હિંડોળો બનાવતા. કાઠિયાવાડની સ્ત્રીઓ વિવિધ આસનો તૈયાર કરી મોકલતી. ગુજરાતની સ્ત્રીઓ પકવાન્નો મોકલતી. સુરત તથા ખંભાતથી એમને માટે કેરીઓ, બરફી અને સૂતરફેણી આવતાં. ગવૈયાઓ આલાપો લલકારતા. ભૂજના મલ્લો કુસ્તીના ખેલો કરી બતાવતા. કાઠીઓ ઘોડોની રમતો રમી દેખાડતા.

સુરતનો એક આત્મારામ દરજી એમને માટે એક સુંદર ડગલી લઈ આવ્યો હતો. એ જોઈને ભાવનગરના રાજા વજેસિંહે તેવી બીજી ડગલી બનાવી આપવાનું કહીને તેને સો રૂપિયા સિલાઈ આપવાની વાત કરી. પણ આત્મારામે જવાબ આપ્યો, ''હવે મને બીજી ડગલી કરતાં આવડે નહીં. પૈસાના ટેભાથી એ ડગલી સિવાઈ નથી. એમાં તો હેતના ટેભા દીધા છે. બીજી ડગલી સીવવા જેવું હેત ક્યાંથી લાવું ?''

સહજાનંદ સ્વામીએ મંદિર-પ્રવૃત્તિ શરૂ કરી હતી. મંદિરમાં પાષાણ કે ધાતુઓની મોટી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવતી. વડતાલમાં લક્ષ્મીનારાયણ, અમદાવાદમાં નરનારાયણદેવની અને ગઢડામાં વાસુદેવનારાયણની તથા ગોપીનાથજીની મૂર્તિઓ સ્થાપવામાં આવી હતી. જે સ્થળોએ સત્સંગીઓ રહેતા તે સ્થળોમાં એક એક નાનું 'હરિમંદિર' પણ બાંધવામાં આવ્યું. તેમાં સહજાનંદ સ્વામીની ચિત્રપ્રતિમા જ રાખવામાં આવી.

ત્રણ શિખરવાળાં મંદિરોમાં રાધાકૃષ્ણની, લક્ષ્મીનારાયણની, રેવતી-બળદેવની કે શિવપાર્વતીની મૂર્તિઓ હોય છે. આ મંદિરોમાં શિલ્પ-સ્થાપત્યની કળા જોવા મળે છે. એમને મળેલી ભેટો જુદાં જુદાં મંદિરોમાં રાખવામાં આવી છે. તે સંગ્રહસ્થાનને 'અક્ષરભુવન' કહેવામાં આવે છે. મંદિરો ગુજરાતની સ્થાપત્યકળાના પ્રતીકરૂપ છે. એમણે ધર્મપ્રચાર કર્યો અને લાખો માણસોમાં જીવનદીપ પ્રગટાવ્યો.

એમણે શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રને પણ વેગ આપ્યો. એમણે નાનામોટા સાધુઓને ભણવાની આજ્ઞા કરી. મુક્તાનંદ અને બ્રહ્માનંદ જેવા સાધુઓ સુરત ભણવા રહ્યા. તેઓ ભણીને આવ્યા ત્યારે તેમનો સત્કાર કરવામાં આવ્યો હતો.

એમના સમયમાં ગોપાલાનંદ, નિત્યાનંદ, શુકાનંદ અને વાસુદેવાનંદ જેવા સંસ્કૃત અને વેદાંત તથા ન્યાયના શાસ્ત્રીઓ અને ભાષ્યકારો ઉત્પન્ન થયા. દીનાનાથ ભટ્ટ નામના સંસ્કૃત શાસ્ત્રી અને કવિને સંસ્કૃત પુસ્તકો લખવા રોક્યા. ગોપાળાનંદે સ્વામીનારાયણ સિદ્ધાંત પ્રમાણેનાં ગીતાભાષ્ય, સૂત્રભાષ્ય અને

બીજાં કેટલાંક પુસ્તકો રચ્યાં. સ્વામી નિત્યાનંદે શ્રીહરિ દિગ્વિજય નામે ગ્રંથ રચી સ્વામીનારાયણના વેદાંત સિદ્ધાંતો સમજાવ્યા. તેમણે કેટલાંક પુસ્તકોની સંસ્કૃતમાં તેમ જ ગુજરાતીમાં ટીકા લખી. શુક મુનિએ સંપ્રદાયના ગ્રંથોની ટીકા લખી.

શતાનંદ મુનિએ ગુજરાતી 'વચનામૃત'નો સંસ્કૃત અનુવાદ કર્યો તેમ જ તે ઉપર ભાષ્ય લખ્યું. શતાનંદ મુનિ અને વાસુદેવાનંદે અનુક્રમે 'સત્સંગી જીવન' અને 'સત્સંગી ભૂષણ' એ બે મોટા ગ્રંથો રચ્યા. મુક્તાનંદે ગુજરાતીમાં લખાણ લખ્યું. બ્રહ્માનંદ અને પ્રેમાનંદે ગુજરાતીમાં પદો લખ્યાં. નિષ્કુળાનંદ સ્વામીએ ત્યાગ અને વૈરાગ્યથી ભરેલાં પુસ્તકો લખ્યાં. સ્વામીનારાયણ સંપ્રદાયે ગુજરાતી સાહિત્યમાં સંગીન ફાળો આપ્યો છે.

સહજાનંદ સ્વામીએ સંગીતને પણ ઉત્તેજન આપ્યું. એમણે ભજનમંડળ પણ ઊભું કર્યું. એમના સમયમાં પ્રેમાનંદ સ્વામી અને દેવાનંદ સ્વામી નામના બે સંગીતકારો થઈ ગયા. પ્રેમાનંદે ભજનો લખ્યાં છે. મોટી સભાના પ્રેક્ષકો એમના સંગીતથી ડોલી ઊઠતા. એમના સંગીતમાં પાર વિનાનો પ્રેમ ભરેલો દેખાતો.

સહજાનંદ સ્વામીએ સંવત ૧૮૮૨ના કારતક સુદ અગિયારસે પોતાના બે ભાઈઓ રામપ્રતાપ અને ઇચ્છારામના પુત્રો અયોધ્યાપ્રસાદ અને રઘુવીરને અનુક્રમે અમદાવાદના નરનારાયણદેવની અને વડતાલની લક્ષ્મીનારાયણદેવની ગાદીના આચાર્યો નીમ્યા.

નિષ્કુળાનંદ તથા આધારાનંદ સ્વામીના 'ભક્ત ચિંતામણિ', 'પુરુષોત્તમપ્રકાશ' અને 'હરિચરિત્ર' વગેરે ગ્રંથોમાં સહજાનંદ

સ્વામીનું ચરિત્ર આલેખાયું છે. સ્વામી નિર્ગુણદાસ, આત્માનંદ અને પ્રસાદાનંદ વગેરેની 'વાતો' સહજાનંદ સ્વામીના જીવનના અનેક પ્રસંગો વર્ણવે છે.

સહજાનંદ સ્વામી સ્વભાવે પ્રેમાળ હતા. ઉપલેટામાં એક આહીરને ત્યાં જઈ જાતે માંગીને થાંભલા આગળ ઊભા રહીને એમણે દૂધ પીધું હતું. સંવત ૧૮૬૯માં કાઠિયાવાડમાં દુકાળ પડ્યો હતો. એમણે ગામેગામ પત્રો લખીને અન્નનો સંઘરો કરવા આજ્ઞા આપી હતી. દુકાળના કપરા કાળમાં એમણે અન્નદાન આપી સારી સેવા બજાવી હતી. પોતે ગુજરાતથી અનાજ મંગાવી અન્નદાન આપવામાં કદી પોતાના અને પારકા એવા ભેદ રાખ્યા ન હતા.

સારંગપુર ગામમાં એક વખત પુષ્કળ વરસાદ પડ્યો. આથી કેટલાંક મકાનો પડી ગયાં. એક મકાનની નીચે કેટલાંક ઢોરો દબાઈ ગયાં. મકાનના માલિકે સહજાનંદ સ્વામીની સભામાં આવીને મદદ માટે માગણી કરી. પરંતુ કોઈ પણ ગયું નહીં એટલે સહજાનંદ સ્વામી પોતે જ ત્યાં મદદ કરવા માટે ગયા. ખભેથી મોભ ઊંચો ઝાલી રાખી એમણે ઢોરોને બહાર કઢાવ્યાં. મનુષ્યો પ્રત્યે જ માત્ર નહીં પરંતુ પશુઓ પ્રત્યે પણ પ્રેમ અને કરુણા તેઓ રાખતા.

'वचनामृत' પુસ્તક સ્વામીનારાયણ સંપ્રદાયમાં આગળ પડતું સ્થાન ભોગવે છે. આ પુસ્તકમાં સહજાનંદ સ્વામીએ જુદાં જુદાં સ્થળોએ અને પ્રસંગોએ જે જ્ઞાનવાર્તાઓ કરી હતી તેની નોંધ ઉપરથી આ સંગ્રહ સંપાદિત કરવામાં આવ્યો હતો. એની શૈલી સીધી, સરળ, મિતાક્ષરી અને ચોટદાર છે. મુક્તાનંદ,

ગોપાલાનંદ, નિત્યાનંદ, બ્રહ્માનંદ અને શુકાનંદ સ્વામીઓએ આ સંગ્રહ કર્યો હતો. 'वचनामृत' પુસ્તક આધ્યાત્મિક સિદ્ધાંતોના રહસ્યથી ભરપૂર છે.

'शिक्षापत्री' પુસ્તક સંસ્કૃતમાં છે. સહજાનંદ સ્વામીએ આ પુસ્તકમાં નાનીમોટી મહત્ત્વની આજ્ઞાઓ આપી છે. આ પુસ્તકમાંના કેટલાક આદેશો તંદુરસ્તીને લગતા છે. કેટલાક શિષ્ટાચારને લગતા છે. કેટલાક સામાજિક સભ્યતાને લક્ષમાં રાખનારા છે. એમના શિષ્યો નીચલા થરમાંથી આવ્યા હતા. તે લોકોને શુદ્ધ અને વ્યવસ્થિત જીવન જીવતા કરવાની તેમની કેટલી કાળજી હતી તે આ નિયમો ઉપરથી સમજી શકાય છે. આ પુસ્તક સ્વામીનારાયણ સંપ્રદાયનું સાર્વજનિક ધર્મશાસ્ત્ર છે.

સંવત ૧૮૮૬માં મુંબઈના ગવર્નર સર જૉન માલ્કમ સાથે રાજકોટ મુકામે સહજાનંદ સ્વામીની મુલાકાત થઈ હતી. તેમણે સ્વામીનારાયણ સંપ્રદાયના ધર્મસિદ્ધાંતો વિશે ગવર્નરને ખ્યાલ આપ્યો. વિદાય વેળાએ ગવર્નરે તેમને શાલ અને હાર આપી તેમનું બહુમાન કર્યું હતું. ત્યાંથી તેઓ ગઢડા આવ્યા હતા. એમને માંદગી આવવા માંડી હતી પરંતુ એમની પ્રકૃતિમાં ઢીલાપણું આવ્યું નહોતું.

ત્યાર બાદ એમની તબિયત વધારે બગડી. તેમણે વ્રત અને ઉપવાસ કરવા માંડ્યા. તેમણે કઠણ નિયમો લેવા માંડ્યા હતા. તેમણે સર્વ પ્રવૃત્તિઓમાંથી પોતાનું મન વાળી લેવા માંડ્યું હતું. મૌન રાખીને સમાજ અને સંસારથી ઉદાસીન થઈ ગયા હતા. આ માંદગી આખરની હોય એમ એમના ભક્તોને લાગ્યું. ગામેગામનાં ટોળાં એમનાં દર્શન માટે આવતાં હતાં. તેઓ સૌને

હિંમત અને ધીરજ આપતા હતા.

સહજાનંદ સ્વામીજીએ વિક્રમ સંવત ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ને મંગળવારે તા. ૨૮-૬-૧૮૩૦ને દિવસે મધ્યાહ્ન સમયે ''મારું જીવનકાર્ય હવે પૂરું થાય છે.'' ''જય સ્વામીનારાયણ'' કહીને આ દુનિયામાંથી સૌને છોડીને વિદાય લીધી. ગઢડામાં ''અક્ષર ઓરડી'' નામના તેમના નિવાસ્થાનમાં સહજાનંદ સ્વામીએ પદ્માસન વાળીને સૂક્ષ્મ આત્માને સ્થૂળ દેહથી અળગો કરી દીધો. જીવનરૂપી ગ્રંથનું છેલ્લું પાનું બંધ કરતા હોય, તે રીતે પોતાનાં નેત્રો કાયમને માટે મીંચ્યાં.

તેમણે માનવસેવા કરી એટલું જ નહીં, પરંતુ સામાજિક સેવા અને ધર્મસુધારણાનું કાર્ય પણ કર્યું. સાહિત્યસર્જન અને લલિતકળાને પોષણ આપ્યું. તેમણે ગુજરાતી, સંસ્કૃત અને હિંદી સાહિત્યને સમૃદ્ધ કર્યું. તેમણે સંગીત, ચિત્રકામ, શિલ્પ-સ્થાપત્ય વગેરે લલિતકળાને ઉત્તેજન આપ્યું. તેમણે મંદિરો બંધાવ્યાં. વિશાળ ભક્તસમુદાય અને સાધુઓને માર્ગદર્શન આપ્યું. સંપ્રદાયની વ્યવસ્થા માટે આચાર્યોની ગુરુપરંપરા સ્થાપી.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ કહ્યું છે, ''હિંદુસ્તાનમાં ઘણા ધર્મો છે. પણ સ્વામીનારાયણ ધર્મ પ્રશંસનીય, શુદ્ધ અને આકર્ષક છે. મને એ ધર્મ વિશે ઘણું માન છે.''

કિશોરલાલ મશરૂવાળાએ કહ્યું છે, ''મેં એ સંપ્રદાયમાંથી પ્રાપ્ત થયેલા ઘણા આચાર, વિચાર તથા સંસ્કારને છોડ્યા નથી અને ગાંધીજીના આશ્રમમાં પળાય છે તે કરતાં મારા પોતાના વ્યક્તિગત આચાર, વિચાર, સંસ્કાર આજે પણ વધારે સનાતની

અને મરજાદી છે. એનું કારણ સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુઓમાંથી બ્રહ્મચારી શ્રી મુનિશ્વરાનંદજી, અનંતાનંદજી, સ્વામી શ્રી હરિચરણદાસજી, રઘુવીરચરણદાસજી, રામચરણદાસજી વગેરેના ઉપદેશોની મારા પર બહુ ઊંડી અસર પડી.'' સ્વામીનારાયણ સંપ્રદાયનાં એક ડોશી એમને એક વાર મળેલાં તે કહે, ''ગાંધીજી બધોય સ્વામીનારાયણનો જ ધર્મ પાળે છે. શિક્ષાપત્રી પ્રમાણે જ બરાબર વર્તે છે. એક કંઠી બાંધે તો આ જન્મે જ બેડો પાર થઈ જાય. એમને સમજાવો ને!''

મહાકવિ ન્હાનાલાલ કહે છે, ''ગુજરાતને સરયૂ નીરથી ધોઈ બ્રહ્મભીનો કરનાર'' શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક સ્વામી સહજાનંદ હતા.

કનૈયાલાલ મુનશીએ તો સહજાનંદ સ્વામીને ''ગુજરાતના જ્યોતિર્ધર'' તરીકે ઓળખાવ્યા છે. સુધારક દુર્ગારામ મહેતાજી, વિવેચક વિજયરાજ વૈદ્ય, ન્યાયમૂર્તિ ગોવિંદ રાનડેએ સહજાનંદ સ્વામીને સ્વામીનારાયણ સંપ્રદાયના સુધારક તરીકે ઓળખાવ્યા. સંત રામદાસે સ્વામીનારાયણ સંપ્રદાયની પ્રભુભક્તિ અને સેવાની પ્રશંસા કરી છે.

કિશોરલાલ મશરૂવાળા કહે છે, ''અહિંસાના યજ્ઞના પ્રવર્તક, ક્ષમાધર્મના ઉપદેશક, શૌર્ય અને સદાચારના સંસ્થાપક, શુદ્ધ ભક્તિમાર્ગ અને શુદ્ધ જ્ઞાનમાર્ગના પાલક, ભાગવત ધર્મના શિક્ષક તથા વ્યાસ સિદ્ધાંતના બોધક એવા સહજાનંદ સ્વામી હતા.''

કિશોરલાલ મશરૂવાળા કહે છે, ''સહજાનંદ સ્વામીના કાર્યને હેન્રી જ્યોર્જ બર્જેસ ઘણી સારી રીતે સમજી શક્યા છે. સહજાનંદ

સ્વામીના અવસાન પછી થોડા સમય પછી એમણે વડતાલની મુલાકાત લીધેલી. એ સમયે ભોગીલાલ નામના ગુજરાતના એક આગળ પડતા વિદ્વાન એમની સાથે હતા. એમની મદદથી હેન્રી જ્યૉર્જ બર્જેસે સહજાનંદ સ્વામીના જીવનચરિત્રનું અને એમના પુસ્તક शिक्षापत्रीनुं અંગ્રેજીમાં ભાષાંતર કરાવેલું. ત્યાર પછી ''ઑરિએન્ટલ રિસર્ચ'' નામના એક સામયિકમાં ''ઇન્ડિયન એન્ટિક્વરો'' નામનો એક લેખ ઈ.સ. ૧૮૭૧માં લખેલો, જેમાં એમણે સહજાનંદ સ્વામીનું ટૂંકું જીવનચરિત્ર આપેલું અને રાજા રામમોહન રાયના કાર્ય સાથે એમના કાર્યની તુલના-સમીક્ષા કરેલી.

સહજાનંદ સ્વામીનું ચરિત્રવર્ણન કર્યા પછી તેઓ લખે છે કે 'સહજાનંદની પ્રતિભા હિંદુ ધર્મની એના શુદ્ધ સ્વરૂપમાં પુનઃપ્રતિષ્ઠા કરવામાં જ પૂરી થતી ન હતી. એ જમાનાના અનેક દુરાચારો અને બીજાં અનિષ્ટો દૂર કરવામાં, અને જે લોકો વખાના માર્યા ચોરી અને લૂંટફાટ દ્વારા આજીવિકા મેળવતા થયા હતા એવા લોકોને સાચે માર્ગે પાછા વાળવામાં પણ એમણે ભારે સફળતા મેળવી હતી. એમની આ સફળતાનો પુરાવો ગુજરાતભરમાં ઠેર ઠેર જોઈ શકાય છે. તેઓ આ રીતે સુધારક તરીકેની પણ મોટી પ્રતિષ્ઠા પામ્યા હતા.

તેમણે કોળી, કાઠી, રાજપૂત, ગરાસિયા વગેરે લડાયક કોમોને ધર્મના અમુક નિયમો બરાબર પાળે એ મર્યાદા સાથે બીજી સારી એવી મોકળાશ આપીને સંપ્રદાયમાં લીધેલી. આ કલ્યાણકારી પુરુષાર્થને લીધે તેમનું નામ ગુજરાત આખામાં આદરપૂર્વક બોલાતું થયું હતું. એમની આજુબાજુ કાયમ

સાધુઓ, ભક્તો, દરબારો અને વિદ્વાનોનું જૂથ જામેલું રહેતું. એવી મોટી એમની પ્રતિષ્ઠા હતી.

એમ કહેવાય છે કે બ્રિટિશ વહીવટે એમના કાર્યને સારું ઉત્તેજન આપ્યું હતું. મુસલમાનો કે મરાઠાઓના રાજ્યમાં તેમનું કાર્ય કદાચ ન વિકસત. પણ હકીકતે તો સ્થાનિક રાજાઓ અને ઠાકોરો અને દરબારોનો જે ટેકો એમને મળ્યો એથી પણ એમના કાર્યને બહુ સારો વેગ મળ્યો હતો.

બ્રિટિશ અધિકારીઓની ચકોર નજરમાં પણ એમણે જે આદર પ્રાપ્ત કર્યો હતો એથી પણ સંપ્રદાયમાં બધા વર્ગોને જોડાવામાં ઉત્તેજન મળ્યું હતું એ ભૂલવા જેવું નથી.

મોનિયર વિલિયમ્સના શબ્દોમાં ''સ્વામીનારાયણ સંપ્રદાય શુદ્ધ વૈષ્ણવ ધર્મનું આદર્શ સ્વરૂપ છે.''

ફ્રાંઝવા મેલિસન લખે છે, ''ભારતીય હિંદુ પરંપરાને જારી રાખવા છતાં સ્વામીનારાયણ સંપ્રદાયે આધુનિક યુગમાં નવીનતમ હિંદુ ધર્મનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે.''

કલકત્તાના ખ્રિસ્તી મિશનના વડા રેવરંડ બિશપ હેબરે એમની નોંધમાં લખ્યું છે કે, સહજાનંદ સ્વામી એમને મળવા આવ્યા ત્યારે એમની સાથે બસો સશસ્ત્ર ઘોડેસવારો અને એટલા જ સશસ્ત્ર પદાતીઓ પણ હતા. એ બધા એમના પરમ ભક્તો હતા. કેટલાક જાણીતા દરબારો અને ઠાકોરો પણ હતા.

કન્હનગઢના પ્રખ્યાત સંત રામદાસે સ્વામીનારાયણના અનુયાયીઓની પ્રભુભક્તિ અને સેવાની મુક્તકંઠે પ્રશંસા કરી છે. ચંદ્રશંકર શુક્લે કહ્યું છે કે, ''નીચલા થરોમાં પણ ધર્મની સારી ભાવના ફેલાવવાનું કાર્ય કરનારાઓમાં સહજાનંદ સ્વામી

અગ્રગણ્ય છે.''

કલકત્તાના ખ્રિસ્તી મિશનના વડા રેવરંડ બિશપ હેબરને વડોદરામાં કલેક્ટર વિલિયમ્સ ઈ.સ. ૧૮૨૫ના માર્ચની ૨૫મી તારીખે મળ્યા હતા. એમણે કહ્યું છે કે, ''ગુજરાતમાં સ્વામીનારાયણ નામના એક સુધારકના ઉપદેશ અને પ્રતિભાથી કોળી જેવા જંગલી લોકોમાં પણ સુધારો થયો જણાય છે. શાસ્ત્રોમાં જે વર્ણન કર્યું છે એ કરતાં સહજાનંદની નીતિમત્તા ઘણી ઊંચી કક્ષાની જણાઈ છે.''

તેઓ ઉચ્ચ પ્રકારની પવિત્રતા અને શુદ્ધિનો ઉપદેશ પણ આપે છે. એમણે એમના શિષ્યોને રસ્તે જતી સ્ત્રીઓ પ્રત્યે દૃષ્ટિ ન કરવાનો આદેશ આપ્યો છે. ખૂનખરાબી અને લૂંટફાટ કરનારા વર્ગને બોધ આપીને એ દૂષણો છોડાવ્યાં છે.

જે ગામો અને પ્રદેશોએ સહજાનંદને સત્કાર્યા છે એ બધાં એક વખત સૌથી ખરાબ અને ભયાનક ગણાતાં. એ આજે સૌથી સારા અને સલામત વિસ્તારો ગણાય છે. એટલું જ બસ નથી, તેમણે જ્ઞાતિપ્રથાની ધૂંસરી પણ કાઢી નાખી છે. એકેશ્વરવાદનો ઉપદેશ આપે છે. ટૂંકમાં તેઓએ સત્યને પહોંચવામાં ગણનાપાત્ર પ્રગતિ કરી છે. હું તો માન્યા વિના રહી શકતો નથી કે બાઈબલમાં કહ્યા પ્રમાણેની ભૂમિકા તૈયાર કરવા માટે ઉપરથી એમની વરણી કેમ ન થઈ હોય !

સહજાનંદ સ્વામીને આધુનિક વિચારકોએ સમાજસુધારક કહ્યા, સંત કહ્યા, આચાર્ય કહ્યા. આદર્શ યુગપુરુષ કહ્યા અને જ્યોતિર્ધર પણ કહ્યા. તેમણે ગુજરાતની કાયાપલટ કરી. પતિતોને પાવન કર્યા. મનુષ્યને ચરિત્ર, જ્ઞાન અને સંસ્કાર વિશે

માર્ગદર્શન આપવું જોઈએ એમ તેઓ કહેતા. તેમણે ખોટા ખર્ચાઓ દૂર કરવા માટે માર્ગદર્શન આપ્યું. તેઓ કહેતા કે અનુયાયીઓ જેટલા શુદ્ધ અને પવિત્ર તેટલી સંસ્થા ઊજળી.

જન્માષ્ટમી, વસંતપંચમી, એકાદશી વગેરે ઉત્સવોની ઉજવણી ધામધૂમથી થતી. હુતાશનીને પણ આનંદનું પર્વ બનાવી દીધું હતું. આથી મોટા સમુદાયમાં વ્યવસ્થા કરવાની વહીવટી કળા ખૂબ વિકસી. સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુઓ આજે પણ ગમે તેવી મોટી સંખ્યામાં એકઠા થયેલા માનવસમુદાયની ઉત્તમ વ્યવસ્થા કરવામાં ઓછા નહીં ઊતરે.

કર્મ અને પુનર્જન્મની માન્યતા તેમણે સ્વીકારી છે. અવતારવાદ તેમને માન્ય અને સ્વીકાર્ય છે. હિંદુ ધર્મની વિશાળ ભાવનાનું પોષક પંચાયતનનું-વિષ્ણુ, શિવ, પાર્વતી, ગણપતિ અને સૂર્ય, એ પાંચેનું પ્રતિપાદન કર્યું છે. સહજાનંદ સ્વામીએ પોતે બંધાવેલ મંદિરોમાં સૂર્યનારાયણ, સિદ્ધેશ્વર મહાદેવ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ, રેવતી-બલરામ, નરનારાયણ તથા હનુમાનજી અને ગણપતિનાં સ્વરૂપો પ્રતિષ્ઠિત કર્યાં છે. ઋષભદેવજી, દત્તાત્રેય, સીતારામ અને કાર્તિકેયની તેમણે પ્રશંસા કરી છે. માર્ગમાં શિવાલયનાં દેવમંદિરો આવે તો આદરપૂર્વક તે દેવને નમસ્કાર કરવાની આજ્ઞા તેમના આશ્રિતજનોને કરી છે.

સર્વ તીર્થો, આચાર્યો અને દેવોનો મહિમા તેમણે સ્વીકાર્યો છે. વેદોક્ત અહિંસામય યજ્ઞો તેમણે કર્યા છે. કોઈ ગુરુદેવ, આચાર્ય કે તીર્થનું તેમણે ખંડન કે નિંદા કરેલ નથી. આ સંપ્રદાય 'ઉદ્ધવ વૈષ્ણવ સંપ્રદાય', 'શુદ્ધ વૈષ્ણવ સંપ્રદાય' છે.

એમના સંતકવિઓએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ધર્મક્ષેત્રે પણ ક્રાંતિ સર્જનાર સહજાનંદ સ્વામીનું નામ જગતના મહાન પુરુષોમાં મુકાયું છે. સ્વામીનારાયણ સંપ્રદાય એ તો સહજાનંદ સ્વામીની ગુજરાતને અનુપમ ભેટ છે.

સહજાનંદ સ્વામીના જીવનનું મુખ્ય કાર્ય પ્રાણીમાત્રનું અજ્ઞાન દૂર કરી એમનું કલ્યાણ કરવાનું હતું. વૈદિક સનાતન ધર્મ અને ભાગવત ધર્મનો સમન્વય કરી જ્ઞાનદાન આપ્યું છે. એમના ઉપદેશ 'જીવન ઉપદેશ' છે. 'મારી વાણી મારું સ્વરૂપ છે', એમ તેમણે કહેલું છે. પરમાત્માનું સ્વરૂપ જેમ 'દિવ્ય' અને 'કલ્યાણકારી' છે તેમ જ એમના ઉપદેશ પણ 'દિવ્ય' અને 'કલ્યાણકારી' છે.

સાદો ખોરાક, સાદાં કપડાં અને સાદા જીવનનો બોધ સાદી ભાષામાં આપી તેઓ જનતા સાથે ભળી જતા અને જનતાના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી શક્યા હતા. તેઓ કોળી, વાઘરી વગેરે કોમથી માંડી બ્રાહ્મણ, વાણિયા જેવી ઉચ્ચ કોમને ધર્મના એક તાંતણે બાંધતા. આમ સમાજમાં ભાવાત્મક એકતા ઊભી કરતા.

સહજાનંદ સ્વામીને પાંચ વાતોનું હંમેશ અનુસંધાન રહેતું:

૧. દેહના નાશવંતપણાને લઈને વૈરાગ્યનું.

૨. શું કર્યું છે અને શું કરવાનું બાકી છે તેના વિચારનું.

૩. પંચ વિષયની વાસના ટળી છે કે નહીં, તે જોવાનું.

૪. મોટા સાધુઓની વાસના ટળી છે કે નહીં, તે તપાસવાનું.

૫. મનને ઉદાસ ન કરવાનું.

આ સાધનોથી જીવનશુદ્ધિ થઈ. અપકાર કરનારનું પણ કલ્યાણ થાય એ માટે સાધુઓએ પ્રાર્થના કરી.

સહજાનંદ સ્વામીએ નવાં સાધનો દ્વારા સમાજમાં અને પ્રજાજીવનમાં પરિવર્તન કર્યું. તે નીચે મુજબ છે:

૧. પહેલું સાધન 'વાતપદ્ધતિ'. વ્યાખ્યાન નહીં પણ વાત કરતા હોઈએ એ રીતે વાતો કરવાની ઉપદેશપદ્ધતિ શરૂ કરી. સત્સંગના સાહિત્યની નોંધ થઈ છે. સ્વામીનારાયણ સંપ્રદાયનો મુખ્ય ગ્રંથ *वचनामृत* વાતપદ્ધતિએ જ રચાયો છે.

૨. બીજું સાધન ગીતો અને કીર્તનો. જીવનના પ્રસંગને અનુલક્ષીને ભાવવાહી ગીતો લખાયાં છે. રાસ, ગરબા, ફાગ, ફટાણાં, કથા, કીર્તન, આરતી, ભજનો વગેરે દરેક પ્રકારનાં ગીતો એમના સમયમાં રચાયાં છે.

૩. ત્રીજું સાધન ઉત્સવો. તહેવારો આનંદપૂર્વક ઊજવાય એ માટે આયોજન કરવામાં આવતું. હોળીના પ્રસંગે લોકો રંગ અને ગુલાલ ઉડાડતા. રંગની પિચકારીઓથી ઘેરાઈ એક વાર સહજાનંદ સ્વામી લીમડાના ઝાડ પર ચડી ગયેલા. આ પ્રસંગનાં ગીતો પણ ગવાય છે.

૪. ચોથું સાધન મંદિરો. સ્ત્રીઓ અને પુરુષો માટે કથા, પૂજા વગેરે માટે જુદી વ્યવસ્થા કરી અને ગામે ગામે મંદિરો રચાવ્યાં. ત્યાં સૌ સ્નાન કરતાં, પૂજા કરતાં, કથા સાંભળતાં, દર્શન કરતાં. મંદિરમાં જે લોકો ધર્માદા આપે એની વ્યવસ્થા થતી.

૫. પાંચમું સાધન સાધુઓ. ત્યાગ અને ભક્તિવાળા નવા સાધુઓ તેમણે તૈયાર કર્યા. તેઓ ગામડે ગામડે ફરતા. લોકોનો સંપર્ક સાધતા અને ધર્મનો ઉપદેશ આપતા.

૬. છઠ્ઠું સાધન શિક્ષાપત્રી. સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી રચાવી છે. તેમાં બસોબાર શ્લોકો છે. તે જીવનના કલ્યાણનો માર્ગ બતાવે છે. ધર્મના માર્ગમાંથી ચળાવે એવાં ભયસ્થાનો તે બતાવે છે. સ્વામીનારાયણ સંપ્રદાયનું તે લેખિત બંધારણ છે.

૭. સાતમું સાધન મૂર્તિ. સહજાનંદ સ્વામીની મૂર્તિ કરુણા વરસાવતી. એમની મૂર્તિ સૌના હૃદયમાં વસી ગયેલી. ઈશ્વર સર્વોપરી છે. તે પોતે જ છે એવો દૃઢ નિર્ણય સૌમાં થઈ ગયેલો.

૮. આઠમું સાધન સંપ્રદાયની આચાર્ય વ્યવસ્થા. શિક્ષાપત્રી પ્રમાણે સંપ્રદાયની વ્યવસ્થા જળવાઈ રહે એ માટે પહેલાં અગ્રણી સાધુઓ માટે વિચારાયેલું. એથી ધાર્મિક ક્ષેત્રે પક્ષાપક્ષી શરૂ થશે એમ જણાયું. તેથી સાધુઓ અને સત્સંગીઓના આગ્રહથી સહજાનંદ સ્વામીના ભાઈઓ જે અયોધ્યા રહેતા હતા તેમને બોલાવવામાં આવ્યા. સંપ્રદાયના બે દેશ કરીને બંને ભાઈઓના પુત્રોને વંશપરંપરા આચાર્યો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. એમના મોટા ભાઈ રામપ્રસાદજીના પુત્ર અયોધ્યા-પ્રસાદજીને દક્ષિણ દેશની અમદાવાદની નરનારાયણ દેવની ગાદીના આચાર્ય તરીકે નિયુક્ત કર્યા હતા. નાના ભાઈ ઈચ્છારામના પુત્ર રઘુવીરજીને પશ્ચિમ દેશની વડતાલની લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્ય તરીકે સ્થાપ્યા હતા.

સહજાનંદ સ્વામીની જીવનની વિશિષ્ટતા નીચે મુજબ છે:

(૧) તેમણે પોતાના જીવનનો સર્વાંગી વિકાસ કર્યો. એટલું જ નહીં પરંતુ સમગ્ર સમાજને ઉચ્ચ સ્તર પર મૂકવા પ્રયત્ન કર્યો. પોતાને મુશ્કેલી અને દુઃખ વેઠવું પડે તો વાંધો નહીં; પરંતુ સામાજિક કલ્યાણ સધાવું જોઈએ, એ એમનો મુદ્રાલેખ હતો.

(૨) તેમની પ્રવૃત્તિ તેમની હયાતી પૂરતી જ નહીં, પરંતુ હંમેશની હતી. લોકોને માર્ગદર્શન અને ધર્મશિક્ષણ મળતું રહે એ માટેની હતી. તેમણે બંધારણવાળું માળખું ઊભું કર્યું. એમણે 'સ્વામીનારાયણ' સંપ્રદાય રચ્યો. બ્રહ્મચારી હોવા છતાં આચાર્ય મહારાજની ગાદી સ્થાપી જેથી લોકોમાં સિદ્ધાંત અને આદર્શની હવા ફેલાતી રહે. એકતા અને સંગઠનની ભાવના ટકી રહે. ધર્મ અને વ્યવહાર સાથે સમગ્ર સમાજને ઉચ્ચ માર્ગે લઈ જવા પ્રયત્ન થઈ રહ્યો છે.

(૩) કોઈ ધર્મગુરુ પોતાના સમયમાં જ પૂજાતા હોય છે. પાછળથી તે ભુલાઈ જાય છે. કોઈ ધર્મગુરુના કાર્ય અને મહિમાથી સમકાલીન સમાજ અજ્ઞાન હોય છે. સહજાનંદ સ્વામી પોતાના સમયમાં જ પૂર્ણપુરુષોત્તમ રૂપે પૂજાવા માંડ્યા હતા. ત્યાર પછી પણ એમની સેવા અને પૂજા એ જ રીતે થતી આવી છે.

(૪) સહજાનંદ સ્વામીનું નીતિશાસ્ત્ર ખૂબ વ્યવહારુ અને વાસ્તવદર્શી છે, તે કલ્પનાની પેદાશ નથી. આથી જ ગુજરાતની અજ્ઞાન અને પછાત પ્રજાને સમજતા અને સમજાવતા.

(૫) પતિતને પાવન કરી શકે, પછાતને પંડિત બનાવી શકે એવી આચારનિષ્ઠા અને સિદ્ધાંતનિષ્ઠાને કારણે સહજાનંદ સ્વામીએ ધર્મક્ષેત્રે લોકશાહી પ્રવર્તાવી. તેમણે નાત, જાત અને રંગના ભેદ ભુલાવી, સર્વને ધર્મ, કર્મ અને જ્ઞાનની સમાન તક પૂરી પાડી. સ્વામીનારાયણ સંપ્રદાયને વિશ્વની કોઈ પણ વ્યક્તિ પાળી શકે અને પ્રગતિ કરી શકે એવો બનાવ્યો. ધર્મક્ષેત્રે ક્રાંતિ સર્જનાર સહજાનંદ સ્વામીનું નામ જગતના મહાપુરુષોમાં મુકાયું છે.

(૬) કોઈ પણ ધર્મની મહત્તા તેના અનુયાયીઓની સંખ્યાથી આંકી શકાય નહીં. પણ ધર્મ લોકોમાં કેટલો પ્રાણ પૂરે છે, સંસ્કારી જીવન પ્રત્યે કેટલો અભિમુખ કરે છે, નીતિ અને આધ્યાત્મિક જીવન પ્રત્યે કેટલો ઉત્સાહ પ્રેરે છે તે પરથી તેનું માપ નીકળે. સ્વામીનારાયણ સંપ્રદાયનું સંખ્યાબળ નાનું, સ્થપાયાને થોડાં વર્ષો થયાં, છતાં તેમના ભક્તોનું ભક્તિબળ અને શ્રદ્ધાબળ મોટું છે. એમનું જીવન સૌને પ્રેરણા આપનારું, દુઃખમાં આશ્વાસન આપનારું, સુખમાં શાંતિ આપનારું, ભૌતિક સમૃદ્ધિમાં આળોટતા ધનિકોને આધ્યાત્મિક અને નૈતિક માર્ગદર્શન આપતું રહે એવું છે.

(૭) સ્વામીનારાયણ સંપ્રદાય ઐતિહાસિક દષ્ટિએ મહત્ત્વનો છે. ગુજરાતની પ્રજાની આધ્યાત્મિક જરૂરિયાતને તેણે સંતોષી છે. તે પશ્ચિમને પણ આકર્ષે છે. એમાં જડ રૂઢિઓને સ્થાન નથી. તત્ત્વજ્ઞાન, નીતિશાસ્ત્ર બધાંને આવરી લે છે. માનવીને માર્ગ ચીંધે છે. આપણું હૃદય પવિત્ર ને નિખાલસ હોય તો સર્વવ્યાપક પ્રભુ નાનકડા હૃદયસિંહાસન પર બેસી શકે છે.

(૮) આંતરરાષ્ટ્રીય ભાષામાં સહજાનંદ સ્વામીના જીવન, કાર્ય અને સંદેશને લગતાં પુસ્તકોનું પ્રકાશન થાય એ માટે પ્રયત્નો થયા છે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં તો એમનાં જીવન, કાર્ય અને ઉપદેશને લગતાં પુસ્તકો પ્રગટ થયાં છે.

(૯) સંવત ૨૦૩૭માં સહજાનંદ સ્વામીના દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે એમના જીવન અને સંદેશના સાહિત્ય દ્વારા પ્રચાર કરવા પ્રયત્નો થયા છે.

સહજાનંદ સ્વામીએ 'વચનામૃત'નો ઉપદેશ નીચે જણાવેલાં

ગામોમાં આપેલો : અમદાવાદ, કારિયાણી, ગઢડા, પંચાળા, લોયા, વડતાલ અને સારંગપુર. 'વચનામૃત' ધર્મપુસ્તકમાં સ્વધર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, સાંખ્યયોગ વગેરે આધ્યાત્મિક પ્રશ્નોની સાધકને ખ્યાલમાં રાખીને તેમણે ચર્ચા કરી છે.

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના મુખ્ય વિસ્તારોને આવરી લે એવી રીતે સહજાનંદ સ્વામીએ છ સ્થળોએ સુંદર મંદિરો એમની હયાતીમાં જ બંધાવ્યાં હતાં. પ્રથમ અમદાવાદનું મંદિર ૧૮૭૮ના ફાગણમાં, બીજું ભૂજમાં સંવત ૧૮૮૧ના વૈશાખમાં, ત્રીજું વડતાલમાં સંવત ૧૮૮૨ના કાર્તિકમાં, ચોથું ધોલેરામાં સંવત ૧૮૮૨ના વૈશાખમાં, પાંચમું જૂનાગઢમાં સંવત ૧૮૮૪માં અને છઠ્ઠું ગઢડામાં સંવત ૧૮૮૫માં આસો માસમાં.

ભક્તિ ઉપરાંત ધાર્મિક જ્ઞાન મેળવવા મંદિર નજીક સભામંડપ સ્થપાયા. ત્યાં ભૂખ્યાંને અન્ન અપાતું. સાધુઓ માટે રહેવાની સગવડ કરવામાં આવી. સત્સંગની ચર્ચા થતી, ત્યાં હરિકથાઓ થતી, આરતી થતી. ત્યાં સ્વચ્છતા અને આચારવિચાર શુદ્ધિ પર ભાર મૂકવામાં આવતો. મંદિરમાં સ્ત્રીઓ માટે જુદી વ્યવસ્થા કરવામાં આવતી.

સ્વામીનારાયણ સંપ્રદાયમાં સંસ્કારસમૃદ્ધિ માટે નીચે મુજબના નિયમો કરવામાં આવેલા:

(૧) વહેલા ઊઠી પથારીમાં ભગવાન શ્રી સ્વામીનારાયણના નામનું સ્મરણ કરવું. ત્યાર બાદ નિત્ય કર્મો પતાવી, સ્નાન કરી, પૂજા કર્યા પહેલાં અન્નજળ ન લેવાં.

(૨) દરરોજ સાંજે મંદિરે દર્શન માટે જવું, ગામમાં મંદિર ન હોય તો સાંજની પ્રાર્થના ઘરે કરવી. ભજનકીર્તન ગાવાં. સૂતાં

પહેલાં પદ ગાવાં.

(૩) દરેક વસ્તુ ભગવાનને ધરાવી ખાવી. ગાળ્યા વિના દૂધ કે પાણી પીવાં નહીં. એકાદશીનું વ્રત કરવું.

(૪) દારૂપાન, માંસભક્ષણ, વ્યભિચાર, ચોરી કે ભ્રષ્ટ આચાર આ પાંચ પાપ કદી કરવાં નહીં.

(૫) ભૂવા તેમ જ મંત્રજંત્ર માનવાં નહીં. ભૂતનો વહેમ લાગે તો નારાયણ કવચ અથવા હનુમાન સ્તોત્રનો જપ કરવો.

(૬) ક્રોધ કરવો નહીં, કોઈની નિંદા કરવી નહીં, વિવાદ કરવો નહીં, અપશબ્દ બોલવા નહીં, અહંકાર કરવો નહીં.

(૭)ભગવાન શ્રી સ્વામીનારાયણને અવતારી માની તેની ઉપાસના કરવી.

(૮) સત્સંગીની અવગતિ થાય નહીં. એને મોક્ષ મળે. અંતકાળે પ્રભુ અને તેના સંતો દર્શન દઈને અક્ષરધામમાં તેડી જાય એવો વિશ્વાસ રાખવો.

(૯) સુખદુઃખ આવે તો કલ્યાણ માટે જ ઈશ્વર પ્રેરે છે. પછી તે કાળ કે કર્મના નિયમ મુજબ ભલે હોય.

(૧૦) સત્સંગીને દુઃખ આવે તો તે ઘણું આવવાનું હતું, તેમાંથી થોડેથી મટ્યું એમ દૃઢ શ્રદ્ધા રાખવી. સત્સંગીને શૂળીનું દુઃખ કાંટે જાય.

(૧૧) સત્સંગના નિયમ રાખવામાં પાછા ન પડવું.

સહજાનંદ સ્વામીએ કરેલું કાર્ય ગુજરાતમાં અવતારકાર્ય નીવડ્યું છે. ગુજરાતમાં લાખો અનુયાયીઓ, ૧૫૦૦ મંદિરો, નિયમિત ધર્મોપદેશ કરનારા ૨૦૦૦ સાધુઓ છે. સાધુઓ ગામડે ગામડે ફરીને સ્વામીનારાયણ સંપ્રદાયે કરેલી કેટલીક મૌલિક

પ્રણાલિકાઓ દ્વારા આજે પણ સહજાનંદ સ્વામીના જીવનસંદેશને ફેલાવી રહ્યા છે.

એક વખત ઘનશ્યામના બાળપણમાં એમના પિતા ધર્મદેવે એક પાટલો મંગાવ્યો. એના પર રેશમી રૂમાલ પાથર્યો. તે પર એક સોનામહોર, એક પુસ્તક અને એક નાની તલવાર મૂકી. આ ત્રણ વસ્તુઓ મૂક્યા પછી જોવા લાગ્યા કે ઘનશ્યામ કઈ વસ્તુ ઉપાડે છે. ઘનશ્યામ પાટલા પાસે આવ્યા. પાટલા પરથી પુસ્તક હાથમાં ઉપાડી લીધું. આ જોઈને એમનાં માતાપિતાને ખાતરી થઈ કે એમનો પુત્ર ભણીને વિદ્વાન થશે.

એક સમયે ધર્મદેવ અને ભક્તિમાતા ત્રણે પુત્રોને લઈ તીર્થયાત્રા કરવા નીકળ્યાં. ગુમાનસિંહ નામના રાજાના પરિચયમાં આવ્યા. રાજાએ ઘનશ્યામના જમણા પગમાં અષ્ટકોણ, ઊર્ધ્વરેખા, સ્વસ્તિક, જાંબુ, જવ, વજ્ર, અંકુશ, કેતુ અને પદ્મ એવાં કુલ નવ ચિહ્નો જોયાં. ડાબા પગમાં ત્રિકોણ, કળશ, ગોપદ, ધનુષ, મીન, અર્ધચંદ્ર અને વ્યોમ એવાં સાત ચિહ્નો જોયાં. રાજાને ખાતરી થઈ કે ઘનશ્યામ ભગવાન છે.

સહજાનંદ સ્વામી વરસના ચાર માસ દાદા ખાચરને ઘેર રહેતા. દાદા ખાચરને પુષ્કળ આર્થિક ઘસારો પણ વેઠવો પડતો. રાજખટપટો પણ ઘણી થતી. તેઓ એમને ત્યાં અઠાવીશ વર્ષ રહ્યા. દાદા ખાચરનું ઘર સહજાનંદ સ્વામીનું જ થઈ ગયું હોય એમ લાગતું હતું. એવો એ કુટુંબનો ત્યાગ અને પ્રેમ હતો. સહજાનંદ સ્વામી એમને ત્યાં એમના અવસાન સુધી રહ્યા હતા.

એક વખત દાદા ખાચર હજામત કરાવતા હતા. અર્ધી હજામત

થઈ હતી. કોઈકે ત્યાં આવીને જણાવ્યું: ''તમને સહજાનંદ સ્વામી બોલાવે છે. તેઓ અર્ધી હજામતે મળવા આવ્યા. માથે એક કાપડનો કટકો વીંટાળ્યો હતો. મહારાજે દાદા ખાચરને પૂછ્યું: ''તમે ક્યાંથી આવો છો?'' દાદા ખાચરે કહ્યું, ''મહારાજ, હજામત કરાવવા બેઠો હતો. આપની આજ્ઞા થઈ એટલે આવ્યો છું.'' સહજાનંદ સ્વામી કહે, ''ભાઈ, હજામત તો પૂરી કરાવી લેવી હતી.'' દાદા ખાચરે નકારમાં જવાબ આપ્યો. દાદા ખાચરે જણાવ્યું, ''એ તો પછી પણ થાય. આપનો બોધ ઝીલી લેવો એ જ મહત્ત્વનું કામ છે. બીજાં કામ તો પછી થઈ શકે.''

સ્વામી સહજાનંદે દાદા ખાચરને કહ્યું: ''ગરાસ તમારી બહેનોને આપી દો.'' દાદા ખાચર આપવા તૈયાર થયા. સહજાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો, ''હવે તમે શું કરશો ?'' દાદા ખાચરે જવાબ આપ્યો: ''મહારાજ, હું હવે ભાવનગરમાં નોકરી કરીશ.'' સહજાનંદ સ્વામી કહે: ''તમે નોકરી કરજો અને બહેનોનો ગરાસ સંભાળજો. તમને વરસના સો રૂપિયા આપશે.'' દાદા ખાચરે એક વર્ષ સુધી બહેનોનો ગરાસ સાચવ્યો. સહજાનંદ સ્વામીએ બહેનોને કહ્યું: ''તમે તો ત્યાગી છો. તમારે ગરાસનું શું કામ? તમારા ભાઈને આપી દો.'' બહેનો કહે, ''ભલે ભગવાન !'' દાદા ખાચર પાછા દરબાર થયા.

દાદા ખાચર સહજાનંદ સ્વામીના ભક્ત હતા. દાદા ખાચર ગઢડાના હિસ્સાના ભાગીદાર હતા. અર્ધો ભાગ એમના પિતરાઈ ભાઈ જીવા ખાચરનો હતો. જીવો ખાચર પણ સહજાનંદ સ્વામીનો શિષ્ય હતો. સહજાનંદ સ્વામી દાદા ખાચર ઉપર

વિશેષ પ્રેમ રાખે. તેથી જીવા ખાચરને દુઃખ થતું. એક વખત તેણે સહજાનંદ સ્વામીને મારી નાખવાનો વિચાર કર્યો હતો. જીવો ખાચર સહજાનંદ સ્વામીને કહેતા કે તેઓ દાદા ખાચર તરફ પક્ષપાત રાખતા હતા. એક વખત ચોમાસામાં સહજાનંદ સ્વામી નદીએ નાહવા જતા હતા. જીવો ખાચર એમની સાથે હતો. સહજાનંદ સ્વામીએ કહ્યું: ''સાધુઓ માટે એક ધર્મશાળા બંધાવવી જોઈએ.'' જીવો ખાચર કહે: ''એવા તો કંઈક વેરાગીઓ ભટકે છે.''

સહજાનંદ સ્વામી નાહીને દાદા ખાચરને દરબારે આવ્યા. તેમણે દાદા ખાચરને પણ ધર્મશાળા બંધાવવા અંગેની વાત કરી. દાદા ખાચર કહે: ''આજથી મારું ઘર વેરાગીઓને ઊતરવા માટે આપી દો. હું સાધુઓ ભેગો રહીશ. સ્ત્રીઓ ત્યાગી બાઈઓ સાથે રહેશે.'' સહજાનંદ સ્વામીએ જીવા ખાચર સામે જોઈને કહ્યું : ''જોયું ? તમે કેવો ઉત્તર આપ્યો અને દાદા ખાચરે કેવો આપ્યો તે ? આ હેતને લીધે જ અમે એમને ત્યાં ટક્યા છીએ.''

આધુનિક સમયમાં સહજાનંદ સ્વામીએ સ્થાપેલા સ્વામીનારાયણ સંપ્રદાયના કાર્યક્ષેત્રને સ્વામી શ્રી નારાયણ-સ્વરૂપદાસજી પ્રમુખસ્વામી વિસ્તારી રહ્યા છે. દુકાળ અને સંકટોમાં પીડિતોને રાહત, વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય, વૈદ્યકીય સહાય, આદિવાસી અને પછાત જાતિઓમાં સંસ્કારનું સિંચન, દવાખાનાં, સંસ્કૃત પાઠશાળા, શાળા, છાત્રાલય, ગુરુકુળ, સાહિત્ય પ્રકાશન, કળાને ઉત્તેજન, મંદિર નિર્માણ, સંસ્કારકેન્દ્રો વગેરે કાર્યો સાથે પ્રમુખસ્વામી સમાજને ભક્તિરસથી નવપલ્લવિત રાખે છે. સર્વધર્મસમભાવ અને સર્વજીવસમાદર એ

એમની વિશિષ્ટ ભાવના છે. આવા સંતો પણ ભગવાનની કૃપાથી જ મળે છે. આવા સંતો સંસ્કારની પરબ છે.

સંવત ૨૦૩૭માં સહજાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ ઊજવાયો તે પ્રસંગે વ્યસનમુક્તિ યજ્ઞની રૂપરેખામાં નીચેનાં વ્યસનો મૂકવાની યાદી નક્કી થઈ હતી:

(૧) દારૂ (૨) તાડી (૩) બીડી (૪) સિગારેટ (૫) હોકો (૬) તમાકુ (૭) છીંકણી (૮) ગાંજો, ભાંગ.

સદાચારવૃદ્ધિ યજ્ઞની રૂપરેખા નીચે મુજબ છે તેમાં નીચેના નિયમો લેવાની યાદી નક્કી થઈ હતી:

(૧) સૂર્યોદય પહેલાં ઊઠી જવું.
(૨) નિયમિત પૂજા કરવી.
(૩) તિલક-ચાંલ્લો કરવો.
(૪) પૂજા કરીને જ જમવું.
(૫) ડુંગળી-લસણ ન ખાવાં.
(૬) હોટલની ચીજોનો ત્યાગ.
(૭) સાદો પોશાક પહેરવો.
(૮) લાંબા વાળ ન રાખવા.
(૯) હલકું સાહિત્ય ન વાંચવું.
(૧૦) નાટક-સિનેમા ન જોવાં.
(૧૧) પત્તાં-જુગાર ન રમવાં.
(૧૨) લૉટરી ન લેવી.
(૧૩) અપશબ્દ ન બોલવા.
(૧૪) ક્રોધ ન કરવો.

(૧૫) ચોરી ન કરવી.
(૧૬) વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ચોરી ન કરવી.
(૧૭) જુઠું ન બોલવું.
(૧૮) ઠઠ્ઠા-મશ્કરી ન કરવી.
(૧૯) નિંદા ન કરવી.
(૨૦) માબાપની આજ્ઞાનું પાલન કરવું.
(૨૧) બીજાને વ્યસન મુકાવવા, નિયમ ધારણ કરવા પ્રેરવા.
(૨૨) આવકનો દસમો કે વીસમો ભાગ દાનમાં આપવો.
(૨૩) વગર વિચાર્યો ખર્ચ ન કરવો.
(૨૪) સમય નકામો ન બગાડવો.
(૨૫) અઠવાડિયે સત્સંગ સભામાં નિયમિત જવું.
(૨૬) પ્રકાશ, પત્રિકા અને પ્રેમવતીના આજીવન ગ્રાહક કરવા.

આ સંપ્રદાયમાં દરેક ધર્મોનાં શુભ તત્ત્વોનો સમાવેશ થયો છે. જૈન ધર્મનાં અહિંસા, તપ, દેહદમન અને આચારશુદ્ધિ, બૌદ્ધ ધર્મનાં દયા, સંયમ, સાદાઈ, તૃષ્ણા, સંકોચન અને મધ્યમ માર્ગની સ્વીકૃતિ, શીખ ધર્મ કથિત સુહૃદભાવ, પોતાના ધર્મબંધુઓ માટેનો પક્ષ, કીર્તનભક્તિ, ધર્મગ્રંથનો મહિમા તથા શ્રમ અને પુરુષાર્થની આવશ્યકતા, યહૂદી ધર્મ પ્રણીત નમ્રતા, સંતોષ, સમૂહપ્રાર્થનાનું મહત્ત્વ, ખ્રિસ્તી ધર્મે ઉપદેશેલ માનવપ્રેમ, જનસેવા, સહિષ્ણુતા અને બંધુત્વની ભાવના, ઈસ્લામનો જકાત, નમાજ, એકતા અને સંપ, જરથોસ્તી ધર્મની પવિત્રતા, દૈવી આસુરી ભેદ અને સગુણ સાકાર ઈશ્વરના ગુણો, તાઓ ધર્મ કથિત પરમતત્ત્વનો મહિમા, સત્-અસત્

વિવેક, નિર્માનીપણું, ઉદારતા અને જગત માર્ગમાં નિવૃત્તિ, શિન્તો ધર્મની આંતરિક અને બાહ્ય શુદ્ધિ, કોન્ફ્યૂશિયસ ધર્મની સમાજોદ્ધારની ભાવના, અને હિંદુ ધર્મપ્રણીત, વેદ, ગુરુ, આચાર્ય, ધર્મગ્રંથો, સહિષ્ણુતા, મતાંતર ક્ષમા, હૃદયની વિશાળતા, નીતિ, ભક્તિ, જ્ઞાન, અનાસક્તિ, ભગવાનના સદા સાકાર સ્વરૂપની ઉપાસના વગેરેની આવશ્યકતા, આ બધાં શુભ તત્ત્વોનો સુભગ સમન્વય, સહજાનંદ સ્વામી પ્રણીત સ્વામીનારાયણ સંપ્રદાયમાં છે. વ્યક્તિ અને સમાજના નૈતિક, ધાર્મિક અને આધ્યાત્મિક ઉન્નતિના તેઓ હિમાયતી હતા.

શંકરાચાર્યે સ્થાપી છે એવી વ્યવસ્થિત ગુરુપરંપરા કેટલાક ફેરફાર સાથે આ સંપ્રદાયમાં સ્થાપી છે. વિવિધ વૈષ્ણવાચાર્યો અને કેટલાક શૈવ સંપ્રદાયોની જેમ ભક્તિને જ મોક્ષપ્રાપ્તિના સાધન તરીકે ગણ્યું છે. રામાનુજ, રામાનંદ, મધ્વ અને શૈવ સંપ્રદાયોમાં કહ્યો તેવો દાસત્વ ભક્તિનો આદર્શ તેમણે સ્વીકાર્યો છે. રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક, રામાનંદ, વલ્લભ ચૈતન્ય, હિત હરિવંશ અને પાશુપત શૈવ સિદ્ધાંતમાં કહ્યો એવો ઉપાસનાનો સિદ્ધાંત તેમણે માન્ય રાખ્યો છે. ખરેખર સ્વામીનારાયણ સંપ્રદાય એ સહજાનંદ સ્વામીએ ગુજરાતને આપેલી અનુપમ ભેટ છે.

સહજાનંદજીનો સ્વભાષાનો આગ્રહ, નીચલા વર્ગોના લોકોના ઉત્કર્ષની ચીવટ, સ્ત્રીશક્તિ જાગૃતિની ભાવના, સમાજસુધારણા, ધર્મ અને નીતિનાં મૂલ્યોની જાળવણી વગેરે બાબતો ખાસ નોંધપાત્ર છે.

ભગવદ્ગીતા સર્વે ઉપનિષદોનું દોહન છે. તેમ સહજાનંદ

સ્વામીની 'શિક્ષાપત્રી' સર્વે સત્ શાસ્ત્રોનું દોહન છે. એમાં સદાચાર છે, વ્યવહાર છે, તત્ત્વજ્ઞાન છે. એ ધર્મશાસ્ત્ર છે. શિક્ષાપત્રીને ''સહજાનંદ સ્મૃતિ'' કહેવાય છે. એમાં માનવધર્મની સ્થાપના છે. શિક્ષા એટલે શિખામણ અને પત્રી એટલે પત્ર. શ્રીજી મહારાજે પોતાના આશ્રિતોને શિખામણરૂપી ઉપદેશથી ભરેલો પત્ર લખ્યો છે, માટે એનું નામ 'શિક્ષાપત્રી' રાખ્યું છે. એના વાંચન, અભ્યાસ અને નિત્યપાઠ દ્વારા આજે પણ તેમની પ્રત્યક્ષ વાણીનો લાભ આપણને મળે છે.

સહજાનંદ સ્વામી કહે છે કે 'શિક્ષાપત્રી'નો હેતુ માત્ર સંપ્રદાયના લોકોનું નહીં પણ વિશ્વના સમસ્ત જીવોનું કલ્યાણ કરવાનો છે.'' એ બધાં શાસ્ત્રોનું દોહન છે જ, પરંતુ પરમ કલ્યાણકારી છે. એમાંથી ધર્મ, અર્થ કામ અને મોક્ષ ચાર પુરુષાર્થ પામવાની મુખ્ય ચાવી મળે છે. એમાં ધાર્મિક વ્યવહાર, સદાચાર, વિવેક, નિત્ય વ્યવહાર, ખાનપાન, અહિંસા, વેશભૂષા, આર્થિક વ્યવહાર વગેરે વિષયોની ચર્ચા 'શિક્ષાપત્રી'ના ૨૧૨ સંસ્કૃત શ્લોકોમાં જોવા મળે છે.

મંગલમૂર્તિ સહજાનંદ સ્વામીને, એમના પ્રેરણાદાયી જીવન અને કાર્યને તથા ઉપદેશોને ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને સમગ્ર ભારતની પ્રજા કદી ભૂલી શકે એમ નથી.

# ૨. સહજાનંદ સ્વામીના ઉપદેશો

## ૧. ઉપદેશવિશિષ્ટતા

સ્વામી સહજાનંદે વક્તાની શુદ્ધિ પર ભાર મૂક્યો છે. જે કોઈ વક્તા કામ, ક્રોધ, લોભ, માયા વગેરે અંદરના શત્રુઓથી દગ્ધ થઈ વર્તતા હોય, તેના મોઢોમાંથી ગીતા, ભાગવત વગેરે સદ્‌ગ્રંથ સાંભળે, તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી. પરંતુ ખરાબ થાય છે.

એમના ઉપદેશો સમાજના નીચલા થરના લોકોને પણ સ્પર્શી શકે છે. મધ્યમ તેમ જ ઉચ્ચ વર્ગને પણ સદ્વિચાર અને સદ્વર્તન કરતા કરી મૂકે છે. વેદ, વેદાંત, સાંખ્યયોગ વગેરે આધ્યાત્મિક પુસ્તકોનો સાર સરળ, સ્પષ્ટ, ટૂંકી, અર્થગંભીર અને લોગભોગ્ય વાણીમાં ઉતારી આબાલવૃદ્ધ સર્વ સહેલાઈથી સમજી શકે તેવી રીતે જ જનતા સમક્ષ મૂકી પોતે ઉપદેશ-પ્રવાહ વહેવડાવ્યો છે. એમણે સત્સંગમાં કહેલી વાતો મનુષ્યને મનોવાંછિત ફળને દેનારી છે.

એમણે પાત્રતા અને અધિકારભેદનો વિચાર દષ્ટિ આગળ રાખીને ઉપદેશનો લાભ મુમુક્ષુઓને આપેલો છે. બાળકને દવા આપવી હોય ત્યારે પહેલાં તેને પ્રિય એવી સ્વાદિષ્ટ વસ્તુઓ આપી પછી દવા આપવામાં આવે છે તેમાં મુખ્ય હેતુઓ સ્વાદિષ્ટ વસ્તુઓ આપવાનો નથી. પરંતુ દવા આપી રોગની શાંતિ કરવાનું મુખ્ય ધ્યેય છે. તેવી રીતે આ દુનિયામાં જુદી જુદી રુચિવાળા માણસો હોય તે બધાનું હિત થાય તેવી રીતે અધિકારભેદથી પાત્રતા પ્રમાણે શાસ્ત્રકારો તથા મહાન પુરુષો

ઉપદેશ આપે છે. વિચક્ષણ વૈદ્ય રોગીના રોગની ચિકિત્સા કર્યા પછી યોગ્ય દવા આપે છે. તેવો પ્રકાર જ્ઞાનદાનમાં જોવામાં આવે છે.

સહજાનંદ સ્વામીએ સંભાળપૂર્વક મુમુક્ષુઓની પાત્રતાનો વિચાર કરી જ્ઞાનદાન કરેલું છે, પાત્રતા વિનાનું જ્ઞાન હંમેશાં વિરુદ્ધ અસર કરે છે. તેઓ જણાવે છે કે ભગવાનના ઘણા અવતારો થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય અને પૂજવા યોગ્ય છે. એમણે વેદ, પંચાયતનદેવ અને અવતારો — એ સર્વનું ગૌરવ વધાર્યું છે. તેઓ જણાવે છે કે દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ — એમની નિંદા ક્યારે પણ ન કરવી, અને ન સાંભળવી. માર્ગમાંથી પસાર થતાં દેવમંદિર આવે તો તેને જોઈને નમસ્કાર કરવા અને દેવનું દર્શન કરવું. વિષ્ણુ, શિવ, પાર્વતી, ગણપતિ અને સૂર્ય એ પાંચ દેવોને પૂજ્ય માનવા.

એમણે એમના ઉપદેશોમાં 'મત-સહિષ્ણુતા' તથા 'ધર્મ સહિષ્ણુતા'નું દર્શન કરાવ્યું છે. એકાદશી, જન્માષ્ટમી, તથા શિવરાત્રિનું વ્રત આદરપૂર્વક કરવું. શ્રાવણ માસમાં શ્રી મહાદેવનું પૂજન બિલ્વપત્રથી કરવું. તીર્થયાત્રા શક્તિ પ્રમાણે કરવી. ચાર વેદ, વ્યાસસૂત્ર, શ્રીમદ્‌ભાગવત, વિષ્ણુસહસ્રનામ, ભગવદ્‌-ગીતા, વિદુરનીતિ, વાસુદેવમાહાત્મ્ય અને યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, એ આઠ શાસ્ત્રોનો યથાવિધિ અભ્યાસ કરવો.

## ૨. પંચવર્તમાન

પરમાત્માને પોતાના ભક્તના મનોરથ પૂરા કરવા એ જ પ્રયોજનકાર્ય હોય છે. અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન કરી

અસંખ્ય જીવોનું કલ્યાણ કરવારૂપ અવતારકાર્ય સિદ્ધ કરે છે. ભાગવતધર્મનું સ્થાપન, પોષણ અને પ્રવર્તન એ અવતારકાર્ય સમાપ્ત કરવા સહજાનંદ સ્વામીએ પૂર્વભૂમિકા રૂપે 'પંચવર્તમાન', 'એકાદશનિયમ', અને 'આહારશુદ્ધિ'ને પોતાના ઉપદેશમાં અગ્રસ્થાન આપેલું છે.

વર્તન કરવાની પદ્ધતિ એટલે વર્તમાન. સ્વામીનારાયણ સંપ્રદાયમાં પ્રવેશ કરનાર સર્વ મુમુક્ષુઓને 'વર્તન' કરવાનું હોય છે. વર્તમાન પાળવાનાં હોય છે. આ સંપ્રદાયમાં પ્રવેશ થતાં પહેલાં થઈ ગયેલા અયોગ્ય વર્તનનું સાચા સત્પુરુષ આગળ નિવેદન કરી, યથાશાસ્ત્ર પ્રાયશ્ચિત્ત માગી લઈ, ચાલુ 'વર્તમાન' કામ શુદ્ધ વર્તન કરવાની ખાતરી આપી, ભવિષ્યમાં શ્રદ્ધાપૂર્વક તેવું વર્તન ચાલુ રાખીશ એવી પ્રતિજ્ઞા તેનું નામ વર્તમાન. વર્તન કરવાની કોઈ પ્રતિજ્ઞા લે ત્યારે સંકલ્પ મુકાવવાનો વિધિ કરવામાં આવે છે. ''કાળ માયા, પાપકર્મ તથા યમદૂતના ભય થકી મુક્ત થવા શ્રીકૃષ્ણદેવને શરણે આવ્યો છું ને ભગવાન મારું રક્ષણ કરો.'' આ મંત્રનો ઉચ્ચાર મુમુક્ષુએ કરવાનો હોય છે. જે 'વર્તમાન' ગ્રહણ કરે તે આ સ્વામીનારાયણ સંપ્રદાયનો અનુયાયી થઈ શકે.

વર્તમાન પાંચ છે. ગૃહસ્થાશ્રમી તથા ત્યાગાશ્રમીઓનાં ભિન્ન ભિન્ન વર્તમાન કહેલાં છે. પ્રથમ ગૃહસ્થોનાં પંચવર્તમાન આપણે જોઈએ : (૧) દારૂ ન પીવો (૨) માંસભક્ષણ ન કરવું (૩) ચોરી ન કરવી (૪) વ્યભિચાર ન કરવો (૫) વટલાવું નહીં. ગૃહસ્થોએ આ પાંચનો ત્યાગ કરવાનો હોય છે. ત્યાગાશ્રમીએ આ પાંચ ઉપરાંત નિષ્કામ, નિર્લોભ, નિર્માન,

નિ:સ્વાદ અને નિ:સ્નેહ એ પાંચ વર્તમાન પાળવાનાં હોય છે.

ત્યાગાશ્રમીઓનાં પંચવર્તમાન નિષ્કામ, નિર્લોભ, નિ:સ્વાદ, નિ:સ્નેહ અને નિર્માન છે. કામ, લોભ, રસાસ્વાદ, સ્નેહ અને માન — આ પાંચ અંદરના શત્રુઓ, વિદ્વાનોને પણ જીતવા કઠણ છે. આ પાંચ સર્વ દોષમાત્રની ખાણ રૂપ છે. ત્યાગાશ્રમીઓએ આ પાંચ શત્રુઓને પાંચ વર્તમાનના પાલન વડે વશ કરવા.

ત્યાગીઓના આ પંચવર્તમાન ગૃહસ્થોને પણ મનથી પાળવાના છે. સ્વામીનારાયણ સંપ્રદાયમાં વર્તમાન ધર્મનો પ્રબંધ બળવત્તર, આવશ્યક અને અંતઃકરણની શુદ્ધિ આપનારો માનેલો છે. જે વર્તમાન ધર્મનો લોપ કરે છે, અને મિથ્યા જ્ઞાનની માફક પ્રલાપ કરે છે તેને 'અસુર' કહેલો છે. પરમાત્મા તુલ્ય સેવા કરવા યોગ્ય સત્પુરુષ હોય તોપણ તેનામાં પંચવર્તમાનની દૃઢતા જોઈએ.

વર્તમાન ગ્રહણ કરવા એટલે શરણાગત થવું. શરણાગત એક પરમાત્માનો દૃઢ આશ્રય રાખે. એમ પરમેશ્વર સિવાય કોઈને કર્તા સમજે નહીં. દુઃખમાં પણ પરમાત્મા સિવાય કોઈને જાણે નહીં. સુખ પણ પ્રભુ સિવાય કોઈ અન્ય પાસે ઇચ્છે નહીં. પરમાત્માની આજ્ઞા પ્રમાણે વર્તે. તેનાં કર્મ પ્રભુ અંગીકાર કરે છે. આલોક તેમ પરલોકમાં તેનું પરમ કલ્યાણ થાય છે, વર્તમાન ગ્રહણ કરતાં જીવનાં સંચિત કર્મ બળી જાય છે, ક્રિયામાણ સારાં જ કરે. પરંતુ પ્રારબ્ધકર્મ જે શાસ્ત્ર નિયમાનુસાર ભોગવ્યા વિના નાશ થતાં નથી તે પણ પરમાત્મા પોતે લઈ લે છે.

જીવને કરેલાં શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવાં પડે છે.

પ્રારબ્ધકર્મ મોટા મોટા મહાત્મા પુરુષો, સમર્થ જ્ઞાની, મહર્ષિ વગેરે કોઈએ ભોગવીને જ ઓછું કરેલું છે. તે કર્મ અન્યથા કરનાર એક પરમાત્મા જ છે.

મનુષ્યને પોતાનાં કર્મ પ્રમાણે સુખદુ:ખ ભોગવવાં પડે છે, જે ભગવાનનો ભક્ત હોય તેને જેટલું દુ:ખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે. જેટલું સુખ થાય તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.

'શિક્ષાપત્રી'માં એકાદશ નિયમ વિસ્તારપૂર્વક વર્ણવેલા છે. ત્યાગાશ્રમી અને ગૃહસ્થાશ્રમી દરેકને એ પાળવાના છે. આ સંપ્રદાયમાં ત્યાગી ગૃહસ્થે એકાદશ નિયમો સાયંપ્રાર્થના સમયે ભાગવત પ્રતિમા સમક્ષ હંમેશાં પ્રતિજ્ઞારૂપે બોલવાના હોય છે. તે નિયમો નીચે પ્રમાણે છે:

**[1]હિંસા ન કરવી જન્તકી, પર ત્રિયા સંગકો ત્યાગ;[2]**
**[3]માંસ ન ખાવત, મદ્યકું, પીવત નહિ[4] બડ ભાગ.**
**[5]વિધવાકું સ્પર્શત નહીં, કરત ન આત્મઘાત;[6]**
**[7]ચોરી ન કરની કાહૂકી, કલંક ન કોઈકું લગાત.[8]**
**[9]નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત;[10]**
**વિમુખ જીવકે વદનસે; કથા સૂની નહિં જાત.[11]**

**— પ્રેમાનંદ સ્વામી**

**આહારશુદ્ધિ :** સહજાનંદ સ્વામીએ આહારશુદ્ધિ પર ઘણો જ ભાર મૂક્યો છે. આહારશુદ્ધિથી અંત:કરણ શુદ્ધ થાય છે. અંત:કરણ શુદ્ધ થાય, ત્યારે આત્મા-પરમાત્માના સ્વરૂપની સ્મૃતિ કાયમ રહ્યા કરે. શ્રી શંકરાચાર્યે સાધનચતુષ્ટય ઉપર ભાર મૂક્યો છે. સહજાનંદ સ્વામીએ સ્વામીનારાયણ સંપ્રદાયમાં

આહારશુદ્ધિ, ઈન્દ્રિયોના આહાર શુદ્ધ રાખવા ઉપર ભાર મૂક્યો છે. તેઓ કહે છે, 'પંચ ઈન્દ્રિયો દ્વારા જીવ જે આહાર કરે છે તે આહાર જો શુદ્ધ કરે તો અંત:કરણ શુદ્ધ થાય અને અંત:કરણ શુદ્ધ થાય તો અખંડ ભગવાનની સ્મૃતિ રહે. જો પંચ ઈન્દ્રિયોના આહારમાંથી એક પણ ઈન્દ્રિયનો આહાર મલિન થાય તો અંત:કરણ પણ મલિન થાય.'

## ૩. આત્મા — અનાત્માવિવેક

જે સુખથી પોતાના ભક્તોને બંધન થાય, તેવું સુખ ક્યારે પણ તેમને આપતા નથી. જે દુ:ખથી પોતાના ભક્તોને આત્મા-પરમાત્માના સ્વરૂપનું સ્મરણ થાય તેવું દુ:ખ આપે છે. ''માની હોય તેની ભક્તિ પણ આસુરી કહેવાય.'' માટે દેહભાવ ટાળી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરે ભગવત્ પ્રસન્નાર્થે શાશ્વત કરવાનો કહ્યો છે.

તેઓ કહે છે: ''દેહને વિશે અહંબુદ્ધિ ને દેહના સંબંધીને વિશે મમત્વબુદ્ધિ એ જ માયા છે. એ માયાને ટાળવી. એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય.'' ''એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી.''

જે સર્વ વાસનાનો ત્યાગ કરી સ્વધર્મમાં રહે અને જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય. આ દેહમાંથી આસક્તિ ટાળી, સત્ય એવો પોતાનો આત્મા અને સત્યસ્વરૂપ પરમાત્માને વિશે પ્રીતિ કરવી એવો સહજાનંદ સ્વામીનો સિદ્ધાંત છે.

વિષયાસક્તિ પરમાત્મા સ્વરૂપનો સાક્ષાત્કાર થાય ત્યારે નાશ પામે. આવો સાક્ષાત્કાર પામનારા પુરુષો વિરલ હોય. વિષયોનો ધર્મથી ઉપભોગ કરો. પંચ વિષયોનું સેવન કરો. હરિભક્તને પંચ વિષય છે. ભગવાનની કથા સાંભળવી તે શ્રોત્રનો વિષય છે, ભગવાન કે સંતના ચરણની રજનો સ્પર્શ એ ત્વચાનો વિષય છે. ભગવાન કે સંતનાં દર્શન કરવાં તે નેત્રનો વિષય છે. ભગવાનનો પ્રસાદ લેવો તથા ગુણ ગાવા તે જીભનો વિષય છે. ભગવાનને ચડ્યાં એવાં પુષ્પની સુગંધી લેવી, તે ઘ્રાણનો વિષય છે.

''દેહને વિશે અહંબુદ્ધિ અને દેહના સંબંધીને વિશે મમત્વબુદ્ધિ એ માયા.'' આ અહંતા, મમતા ટાળવા માટે યોગીઓ ઘણા પ્રયત્નો કરે છે.

સત્પુરુષને વિશે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષોનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે. અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.

## ૪. સત્સંગ

સત્યરૂપ એવો જે પોતાનો આત્મા તથા સત્યરૂપ એવા જે ભગવાન તેનો સંગ તે સત્સંગ. જે એવો સંગ કરે તે સત્સંગી. સત્સંગ કલ્યાણનું કારણ છે, સત્સંગથી ભગવાન વશ થાય, મોક્ષ પ્રાપ્ત કરાવનાર સત્સંગ છે, પૂર્વજન્મના સંસ્કારને લઈને સત્સંગ થાય છે. પ્રત્યક્ષ પરમાત્મા અને તેમના સંતોની ઓળખાણ સત્સંગ સિવાય થાય નહીં. આ લોકોમાં પરમાત્મા અને પરમાત્માના સાધર્મ્ય પામેલા મુક્ત કે સંતપુરુષો મનુષ્યરૂપે

વિચરતા હોય, ત્યારે તેમના સ્વરૂપને ઓળખવું એ ઘણું જ મુશ્કેલ હોય છે.

સત્સંગ વિશે નિષ્ઠા થયા સિવાય પ્રત્યક્ષ પરમાત્માના સ્વરૂપનું ઓળખાણ થતું નથી. સહજાનંદ સ્વામીનો સિદ્ધાંત છે કે ભક્તિની સિદ્ધિ સત્સંગ વિના થતી નથી. ભક્તિ સત્સંગની સમજણથી સુરક્ષિત રાખવી જોઈએ. તેમણે મંદિરોમાં ભવ્ય સભામંડપ તૈયાર કરાવ્યા. જેથી ભક્તિ અને સત્સંગ બન્નેનું સેવન પોતાના આશ્રિતો કરી શકે. સત્સંગ વિના પ્રત્યક્ષ ભગવાન ન ઓળખાય. અર્જુનને જ્યારે સ્વયં પરમાત્માએ દિવ્ય દૃષ્ટિ આપી પોતાનું વિશ્વરૂપ બતાવ્યું ત્યારે જ એ સ્વરૂપનો નિશ્ચય થયો. પાંડવોને નારદજીનો સત્સંગ હતો. અર્જુનને કૃષ્ણચંદ્રે કૃપા કરી પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું ત્યારે જ સાચી ઓળખાણ થતાં એમની શરણાગતિ સ્વીકારી.

સત્સંગ વિના ગમે તેટલી ભક્તિ કરે તોપણ મુમુક્ષુની ઈન્દ્રિયો નિયમમાં આવતી નથી. ગમે તેટલાં વ્રત, તપ, તીર્થ, દહન, જપ, યોગ, યજન કરે પરંતુ સત્સંગ સિવાય મનની શાન્તિ તો ન જ થાય. સહજાનંદ સ્વામી કહે છે, વૈરાગ્ય અને સ્વધર્મ તેણે કરીને જેણે પોતાની ઈન્દ્રિયોને વશ ન કરી હોય, તો તે ભગવાનને ભગવાનના ભકતને સંગે રહ્યો નથી પણ દુખિયો રહે. જેણે પોતાની ઈન્દ્રિયો ન જીતી હોય તેને કોઈ ઠેકાણે સુખ ન થાય. ભગવાનની ભક્તિ કરતો હોય, તોપણ જ્યારે ઈન્દ્રિયો વિષયમાં તણાઈ જાય ત્યારે તો તે હરિભક્તના હૃદયમાં અતિ દુઃખ થાય છે. માટે પોતાની સર્વે ઈન્દ્રિયોને જીતીને વશ કરે, તે જ સદા સુખિયો રહે છે. 'સત્સંગ' વિના ભક્તિ નિર્વિઘ્ન કરી

શકે નહીં. સત્સંગનો પ્રતાપ અતિશય મોટો છે. મન, કર્મ, વચને નિષ્કપટપણે સત્સંગ કરવો.

સત્સંગમાં પ્રવેશ કરતાં પંચ વર્તમાન અને એકાદશ નિયમ પાળે. પશુપણું મટી મનુષ્યત્વ આવે. નિત્ય સત્પુરુષોનો સંગ કરવો. ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી, કીમિયા વગેરે ક્રિયાઓ કરી જનતાને ઠગનારો એ છે. આવા પ્રકારના મનુષ્યનો સંગ ન કરવો. જે મનુષ્ય ભક્તિ અને જ્ઞાનનો ત્યાગ કરી, સ્ત્રી, દ્રવ્ય વિશે લોલુપ હોય, પાપ કરતો હોય, તે મનુષ્યનો સમાગમ ન કરવો. સત્સંગ કરવો તો 'સાચા સંત'ની પરીક્ષા કરી, પછી સમાગમ કરવો.

ચારિત્ર્યશૂન્ય, પ્રવચનપટુ, વાચ્યાર્થ જ્ઞાન કથનારા, સાધુ વેશધારી, કહેવાતા સત્પુરુષોની દાંભિક કથાવાર્તાથી કોઈ પણ જીવનો મોક્ષ થઈ શકતો નથી. જેમનામાં 'વિદ્યાશુદ્ધિ', 'કર્મશુદ્ધિ' એટલે અહિંસા, બ્રહ્મચર્ય વગેરે સદાચારમાં દૃઢ નિષ્ઠા હોય, જેમનામાં ચારિત્ર્યશુદ્ધિ હોય, જેમનામાં મન, વાણી અને ક્રિયામાં એકરૂપતા હોય, એવા સત્પુરુષની પરીક્ષા કર્યા પછી બુદ્ધિશાળી મનુષ્યે તેનો સત્સંગ કરવો. કળિયુગમાં જીવોનું કલ્યાણ કરવા નિર્મળ અંતઃકરણવાળા સત્પુરુષો જ સમર્થ છે.

# ૫. એકાંતિકની મુક્તિ

ધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત ભગવાનની ભક્તિ કરે તે એકાંતિક કહેવાય. જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય, પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય. એકાંતિક ભક્ત પોતાનું રૂપ, દેહ માને નહીં. પોતાને ચૈતન્યરૂપ માને. સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભગવાનની ભક્તિ કરે અને ભગવાન સિવાય બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહીં.

મુક્તિ તો ભક્તિથી થાય છે. પરંતુ ભક્તિ નિર્વિઘ્ન રહેવા સારુ ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય, જે ભક્તિના સહાયરૂપ 'ઉપકરણ' છે, તેનું રક્ષણ અત્યાવશ્યક છે. ધર્મ ભક્તિનું મસ્તક છે, જ્ઞાન ભક્તિનું હૃદય છે, વૈરાગ્ય ભક્તિનો ચરણ છે, ભક્તિ ધર્મ સહિત, જ્ઞાન સહિત, વૈરાગ્ય સહિત કરવી, આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને ધર્મ ભક્તિનો સહાયરૂપ ઉપકરણ છે. ભગવાનની ભક્તિ વિના એકલું બ્રહ્મજ્ઞાન અથવા એકલો વૈરાગ્ય મોક્ષ કરી શકતા નથી. આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને ભગવાનને વિશે ભક્તિ એ ત્રણે ભેળાં હોય ત્યારે કોઈ જાતની ખોટ ન કહેવાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારેને એકબીજાની અપેક્ષા છે.

# ૬. ધર્મ

દિવ્ય અક્ષરધામમાં રહેલા પરમાત્મા જેમ દિવ્ય છે, તેમ જ મનુષ્યરૂપે વિચરતા પરમાત્મા પણ દિવ્ય છે.

સદાચાર તે ધર્મ અહિંસા આદિ સદાચાર, તેને આ મનુષ્ય પાળે છે. તે આલોક અને પરલોકને વિશે મહાસુખ પામે છે. પૂર્વે જે મોટા પુરુષ તેમણે પણ જો ક્યારેક અધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ ન કરવું. કર્મધર્મ રહિત હોય તો તેનું આચરણ ન કરવું. કોઈક ફળના લોભે ધર્મનો ત્યાગ ન કરવો.

અહિંસામય ધર્મ મોક્ષપરાયણ છે. એ સાધુનો ધર્મ છે. તે કલ્યાણને અર્થે છે. સાધુએ મન, વચન, કર્મે કોઈનું ભૂંડું ઇચ્છવું નહીં. શાંત સ્વભાવે રહેવું. તે સાધુનો ધર્મ છે. ભગવાનના ભક્ત હોય તેણે અતિશય ગરીબપણું પકડવું. પણ કોઈનું અપમાન કરવું નહીં. કોઈ અલ્પ જીવને દુખવવો નહીં. અહંકારને વશ થઈ જેનેતેને દુખવતો ફરે તે ભગવાન ખમી શકે નહીં. ગમે તે દ્વારે પ્રકટ થઈને એ અભિમાની પુરુષના અભિમાનનો સારી પેઠે નાશ કરે છે. જે ગરીબને કલ્પાવે તેનું તો કોઈ રીતે રૂડું જ થાય નહીં. ભગવાનનો ભક્ત હોય અથવા કોઈ બીજો હોય, પણ ગરીબ માત્રને લેશ પણ દુખવવો નહીં. જો ગરીબને દુખવે તો બ્રહ્મહત્યા જેટલું પાપ થાય છે. કોઈ જીવ-પ્રાણીમાત્રની પણ હિંસા ન કરવી. સ્ત્રી, ધન ને રાજ્યની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા ન કરવી.

કોઈ વ્યક્તિએ આત્મઘાત ન કરવો, શસ્ત્રથી પોતાના કે બીજાના અંગને નુકસાન ન કરવું. સ્વાર્થ માટે કોઈને મિથ્યા

અપવાદ આરોપણ ન કરવો. કોઈને ગાળ ન દેવી. સ્ત્રીઓને દુઃખ થાય એવું વચન ન કહેવું. એમને શિક્ષા ન કરવી. તે આત્મઘાત કરે એવું વર્તન ન કરવું. હિંસામય યજ્ઞોનું ખંડન કરી અહિંસામય યજ્ઞો કરી અહિંસા ધર્મની પુનઃપ્રતિષ્ઠા કરવી.

બ્રહ્મચર્ય આ સંપ્રદાયનો પ્રાણસમો ધર્મ છે. 'બ્રહ્મ' — પરબ્રહ્મ-પરમાત્માના-માર્ગમાં ચર-ગતિ કરવા સારુ આ વ્રતના પાલનની અત્યંત આવશ્યકતા છે. આ વ્રતનું જે પાલન કરે, તે જ બ્રહ્મ પરમાત્માના સ્વરૂપને જાણવાનો અધિકારી થાય છે. બ્રહ્મચર્ય પાળનાર પર એમની પ્રસન્નતા રહે છે. બ્રહ્મચારીની સેવા એમને અતિશય ગમે છે.

બ્રહ્મચર્ય તો ઈષ્ટદેવને વિશે જેટલી નિર્દોષ નિષ્ઠા હોય, તેટલું જ પાળી શકાય. બ્રહ્મચર્યવ્રતના સંરક્ષણના નિયમો માટે ઘણા મનુષ્યો પ્રયત્નશીલ થતા હશે. પરંતુ 'નિષ્ઠા' વિના નિયમમાં શિથિલતા આવ્યા સિવાય રહે જ નહીં. એકલા નિયમથી એ વ્રતની સિદ્ધિ ન થાય. જેનામાં નિષ્ઠા અને નિયમ બન્ને સાથે હોય તે જ નિષ્કામી વર્તમાન સિદ્ધ કરી શકે છે.

સ્ત્રીઓ સ્ત્રીઓને જ ઉપદેશ કરી શકે અને પુરુષો પુરુષોને બોધ આપી શકે. એ ઉદ્ધવ સંપ્રદાયની અલૌકિક ધર્મમર્યાદા છે.

''ભગવાનના મંદિરમાં જે દુષ્ટ બુદ્ધિવાળો મનુષ્ય પરસ્ત્રીઓનો સ્પર્શ કરે છે અથવા વારે વારે સ્ત્રીઓ સામી દષ્ટિ કરે છે તે કલ્યાણના માર્ગમાંથી તત્કાળ પડી જાય છે, નાશ પામે છે.'' એમણે સ્ત્રીઓ અને પુરુષોનાં હરિમંદિરો જુદાં કર્યાં. સ્ત્રીઓ અને પુરુષોની સભા જુદી કરી. જેથી ભક્તિ કરતાં, જ્ઞાન શીખતાં ઈન્દ્રિયો વિષયમાં ખેંચાઈ જઈ મનોવિકાર થવા પામે નહીં.

પુરુષને બુદ્ધિભ્રષ્ટ થવાનું કારણ સ્ત્રીઓનો પ્રસંગ છે. સ્ત્રીઓને બુદ્ધિભ્રષ્ટ થવાનું કારણ પુરુષો છે. પૂર્વે ઘણા મુક્તપુરુષો ને ઘણી મુમુક્ષુ સ્ત્રીઓ પરસ્પર એકબીજાના પ્રસંગથી કલ્યાણના માર્ગમાંથી પડી ગયેલાં છે. ''મુક્ત પુરુષોને પણ સ્ત્રીઓ નરકનું દ્વાર છે.'' સિદ્ધ પુરુષો પણ સ્ત્રીઓના પ્રસંગમાં આવતાં પતંગિયાં દીવાને દેખી તેમાં પડી નાશ પામે છે, તેમ કલ્યાણના માર્ગમાંથી ભ્રષ્ટ થાય છે. મુક્ત પુરુષ પણ પોતાની માતા, બહેન કે દીકરી સાથે એકાંતમાં રહેનારો ન થાય. કારણ કે ઇન્દ્રિયોના સમૂહ બળવાન છે. તે વિદ્વાન અને જ્ઞાની માણસને પણ આકર્ષણ કરે છે. માટે જિતેન્દ્રિય સિદ્ધ પુરુષોએ પણ ક્યારે પણ સ્ત્રીઓનો પ્રસંગ ન કરવો. તેમ જ સિદ્ધ સ્ત્રીઓએ પુરુષોનો પ્રસંગ ન કરવો.

મોટા મોટા દેવો પણ મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી અતિશય નિંદા પામેલા છે. સ્ત્રીઓનો પ્રસંગ તો શું પણ સ્ત્રીઓનું દર્શનમાત્ર પણ મુક્ત પુરુષોને ધર્મ થકી પાડી નાખે છે. આ પુરુષ અને આ સ્ત્રી એવી ભેદદૃષ્ટિ ન હતી તેવા ઋષ્યશૃંગ ઋષિ પણ સ્ત્રીપ્રસંગથી ભ્રષ્ટ થયા છે. બુદ્ધિવાળા મુક્ત પુરુષે મારી આજ્ઞાથી અથવા સ્ત્રીઓના ધર્મરક્ષણના પ્રયોજન માટે પણ પોતાના નિયમનો ત્યાગ કરી સ્ત્રીઓનો પ્રસંગ ક્યારે પણ ન કરવો. સ્ત્રીઓના અવયવોને જોવાથી પણ મુક્ત પુરુષોને પોતાની સ્થિતિમાંથી ચલિત કરે છે, માટે તેનો પણ ત્યાગ કરવો. મૈથુનાસક્ત પશુપક્ષી પણ ત્યાગીઓએ જોવાં નહીં.

સૌભરી મુનિ બ્રહ્મનિષ્ઠ હતા. તોપણ માછલાનું મૈથુન જોતાં પોતાના વ્રતથી ચલિત થયા હતા. જેવી રીતે પુરુષો સ્ત્રીઓના

નિરીક્ષણથી ભ્રષ્ટ થાય છે તેવી રીતે બ્રહ્મનિષ્ઠ સ્ત્રીઓ પુરુષોના નિરીક્ષણ આદિ પ્રસંગથી ધર્મભ્રષ્ટ થાય છે. માટે સ્ત્રીઓએ પણ પોતાના નિયમનો ભંગ કરી, પુરુષોનો પ્રસંગ ક્યારે પણ કરવો નહીં.

પૂર્વે શુકાચાર્યની પુત્રી દેવયાની પિતાની કૃપાથી આત્મનિષ્ઠ, યોગનિષ્ઠ, ધર્મશાસ્ત્રજ્ઞ, પ્રગલ્ભ, ઉદારબુદ્ધિવાળી, નવાં કાવ્ય કરવામાં કુશળ ને પિતાની માફક બોધ કરવામાં ડહાપણવાળી હતી, તે શુકાચાર્યને પ્રાણ કરતાં પણ વહાલી હતી. પિતાના કહેવા છતાં તે પરણવા ના પાડતી. તપ કરવાની રુચિ છે એમ કહેતી દીકરીની વૈરાગ્ય અને યોગનિષ્ઠા જોઈ વિશેષ આગ્રહ કર્યો નહીં.

સમય જતાં દેવગુરુ બૃહસ્પતિનો પુત્ર કચ શુક્રાચાર્યને ત્યાં વિદ્યાભ્યાસ માટે આવ્યો. પોતાના નિવાસસ્થાનમાં કચને રાખવામાં આવ્યો. એક દિવસ દેવયાની કચનું રૂપ જોઈ મોહ પામી. તેને યોગાભ્યાસમાં રસ રહ્યો નહીં. તે કચની સેવામાં રહેવા લાગી, કામાંધ થતાં કચ પાસે દેવયાનીએ અયોગ્ય માગણી કરી કહ્યું, ''તમે મારા પતિ થાઓ.'' કચ તો ધર્મજ્ઞ વીર પુરુષ હતો. જેથી તે ગુરુપુત્રીની આવી માગણી સ્વીકારે એમ ન હતું. દેવયાનીએ ઘણી પ્રાર્થના કરી, પણ કચે હા ન પાડી ત્યારે મૂઢ બુદ્ધિવાળી દેવયાનીએ કચને શાપ આપ્યો, ''તારી વિદ્યા નિષ્ફળ જાઓ.'' કચે સામો શાપ આપ્યો, ''તારો બ્રાહ્મણ જાતિનો પતિ ન થાઓ.'' આ પ્રમાણે એક હજાર અને આઠ વર્ષ સુધી દેવયાની પતિ વિના રહી. છેવટે ક્ષત્રિય રાજા યયાતિને પરણી, ભૃગુકુળને લાંછન લાગ્યું,

દેવયાનીનાં વ્રત, તપ નકામાં થઈ ગયાં.

જમદગ્નિનાં સ્ત્રી રેણુકાનું દષ્ટાંત પણ આવું જ બોધપ્રદ છે. ગંગાજીમાં જળ લેવા ગયેલાં. ત્યાં ચિત્રરથ નામના ગંધર્વનું રૂપ જોતાં તેને ભોગવવાનો સંકલ્પ થયો, તેથી અપમૃત્યુ પામ્યાં. માટે બ્રહ્મભાવને પામેલી એવી સ્ત્રીઓએ પણ કલ્યાણના માર્ગમાંથી પાડી નાખે એવું પુરુષોને આસક્તિથી જોવું વગેરે ધર્મશાસ્ત્ર વિરુદ્ધ કર્મ કોઈએ પણ ન કરવું.

મુમુક્ષુ સ્ત્રીઓએ પોતાના બાપ, ભાઈ કે પતિ પાસે ભગવાનની કથા, વાર્તા સાંભળવી. વિધવા સ્ત્રીઓએ પુરાણ સંબંધી કથા સત્સંગી વાંચતો હોય તો પોતાના સંબંધી સત્સંગી પુરુષને આગળ રાખી સાંભળવી. કીર્તન, સ્તોત્ર, અષ્ટક શીખવાં હોય તો પોતાના પિતા વગેરે સંબંધીજનો પાસે શીખવાં.

પરમેશ્વરનો ભક્ત થઈને ભક્તિ કરતો જે પાપ કરે છે, અને સત્સંગમાં કુવાસના બાંધે છે, તો તે પાપ તો તેને વજ્રલેપ થાય છે. કુસંગમાં જઈને પરસ્ત્રીનો સંગ કરે, તે થકી પણ સત્સંગમાં ભગવાનના ભક્ત ઉપર કુદષ્ટિએ જોવાયું હોય તો તેનું વધુ પાપ છે, માટે જેણે ભગવાનમાં દઢ પ્રીતિ કરવી હોય, તેણે કોઈ જાતનું પાપ પોતાની બુદ્ધિમાં રહેવા દેવું નહીં. જે હરિભક્તિને વિશે કુદષ્ટિ રાખે, તે અતિશય પાપી છે. જેણે રસિક ભક્ત થવું હોય, તેણે આવી જાતનું પાપ, તેનો ત્યાગ કરીને પછી રસિક ભક્ત થવું.

ભક્તિ અને જ્ઞાન એ બે કલ્યાણના માર્ગ છે. દેવમંદિરમાં ભક્તિ નિમિત્તે અને સભાસ્થાનોમાં જ્ઞાન નિમિત્તે સ્ત્રીપુરુષો

એકઠાં મળે, તે વખતે દેહાત્મબુદ્ધિ કે વિષયાસક્તિના પ્રધાનપણાને લીધે સૂક્ષ્મ પાપપ્રવૃત્તિ થવા ન પામે તે વાસ્તે, દીર્ઘદષ્ટિથી સ્ત્રીપુરુષોનાં જુદાં જુદાં 'હરિમંદિરો' અને જુદાં જુદાં સભાસ્થાનો સ્થાપન કર્યાં. તેમ જ સ્ત્રીપુરુષો પરસ્પર દેવમંદિરમાં સંભાષણ, સ્પર્શ વગેરે ન કરે એવો સુરક્ષિત મોક્ષમાર્ગ ઉપદેશ્યો.

સહજાનંદ સ્વામીએ અહિંસાનો તથા અપ્રતિકારનો ઉપદેશ આપ્યો. ભગવાનની આજ્ઞાથી ભગવાનની પ્રસન્નતા માટે જે ધર્માચરણ કરવામાં આવે છે તે ભાગવત ધર્મ કહેવાય છે. ભાગવત ધર્મ સનાતન છે, એનો નાશ ન થાય. જ્યારે જ્યારે ભાગવત ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ત્યારે ભગવાનના અવતાર આ પૃથ્વી પર થાય છે. ધર્મ બે પ્રકારના છે: પ્રવૃત્તિ ધર્મ અને નિવૃત્તિ ધર્મ.

## ૭. જ્ઞાન

સહજાનંદ સ્વામીએ પ્રકટજ્ઞાન, પ્રત્યક્ષ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અને પરોક્ષજ્ઞાન, પ્રકટ ભગવાનના સ્વરૂપ ઉપર ઘણો ભાર મૂક્યો છે. સૂર્ય પ્રકટ થાય ત્યારે રાત્રિનો અંધકાર દૂર થાય. જળ પ્રકટ મળે તો તૃષા નિવૃત્ત થાય. અન્ન પ્રકટ મળે તો ક્ષુધા ટળે; સૂર્યની, જળની કે અન્નની કેવળ વાતો કરવાથી તે દૂર થતાં નથી.

ઉનાળો હોય, તૃષ્ણા અત્યંત લાગી હોય, તે સમયે કોઈ તૃષાતુરના શરીર ઉપર ઠંડું પાણી રેડે, તો તેને સારું લાગે, પણ

તેથી તૃષા છીપે? તૃષા તો જળપાન કર્યે જ નિવૃત્ત થાય. તેમ પરોક્ષ ભગવાનની કેવળ વાર્તા કરવાથી કલ્યાણ ન થાય. દૂધમાં ઘી રહેલું છે. પણ પૂરી તળવી હોય તો દૂધથી ન તળી શકાય. તે સારુ પ્રકટ ઘીની જરૂર પડે. કાષ્ઠમાં અગ્નિ રહેલો છે પણ તેથી નજીક બેસવાથી ઠંડી દૂર ન થાય કે રસોઈ ન થઈ શકે. તે માટે પ્રકટ અગ્નિની જરૂર પડે. પરોક્ષ ભગવાનની ઉપાસનાથી કલ્યાણ થઈ શકે નહીં. તે માટે પ્રકટ ભગવાનની પ્રાપ્તિ થવી જોઈએ.

જગતમાં ઘણા મુમુક્ષુઓ પોતાના કલ્યાણ માટે જપ, તપ, વ્રત, દાન, પુણ્ય વગેરે કરે છે. તેઓ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની સિદ્ધિ સારુ રાત્રિદિવસ સાધના કર્યા કરે છે. પરંતુ પ્રકટ પ્રભુની પ્રાપ્તિના અભાવે તે સર્વે નકામાં થઈ જાય છે. પોતાના કલ્યાણ માટે મનુષ્યો પુણ્યસંચય કરે છે. અન્નદાન, વસ્ત્રદાન, સુવર્ણદાન, ગોદાન વગેરે ઘણા પ્રકારનાં દાન આપે છે. યજ્ઞો કરાવે છે, વાવ, કૂવા ખોદાવે છે. અનેક સત્કર્મ કરે છે. સત્કર્મનું, પુણ્યકર્મનું ફળ ભોગવવા ફરી જન્મ તો લેવો જ પડે છે. કર્મ માત્ર બંધન કરનાર છે. પરંતુ કર્મ જો પ્રકટ પ્રભુને ઓળખી એમને અર્પણ કરી દેવામાં આવે તો મોક્ષ માટે થાય.

અર્જુનની સામે પ્રકટ પ્રભુ વિરાજતા હતા. એઓ આજ્ઞા કરતા, ''અર્જુન, તું જે ક્રિયા કરે, જમે, હોમ કરે, દાન કરે, તપ કરે તે સર્વ મને અર્પણ કર.'' ''મારામાં જ મન રાખનારો થા, મારો ભક્ત થા, મને નમસ્કાર કર. તું સર્વ ભાવે મારા સ્વરૂપમાં જઈશ.'' ''સર્વ ધર્મનો ત્યાગ કરી મારે જ શરણે આવ, સર્વ પાપથી તને મુક્ત કરીશ.'' આ પ્રમાણે જે 'પ્રકટ પ્રભુ'નો સમાશ્રય કરી શરણાગતિ લે તેનું કલ્યાણ થાય છે.

ભગવાનનું સાક્ષાત્ જ્ઞાન થાય ત્યારે જીવનું કલ્યાણ થાય છે. રામ, કૃષ્ણ ભગવાનના અવતાર હતા. તેમને લોકોએ પ્રત્યક્ષ જોયા હતા. જેમણે ભગવાનને પ્રત્યક્ષ દીઠા હોય, તેનું જન્માંતરે કલ્યાણ થાય છે. જે ઇન્દ્રિયો, અંતઃકરણ તથા અનુભવ એ ત્રણે કરીને પ્રત્યક્ષ ભગવાનને જાણે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય.

## ૮. અવતારવાદ

સહજાનંદ સ્વામીનો સિદ્ધાંત છે કે જે પરમ દિવ્ય પરમાત્મા છે તે જ જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થાય છે. ને મનુષ્ય દર્શન કરી શકે તથા સેવા કરી શકે એવું રૂપ ધારણ કરે છે, અને મનુષ્યની જેમ વર્તે છે. ભગવાન જ્યારે જીવને પોતાનું દર્શન દેવા ઇચ્છે છે ત્યારે પોતાનું અલૌકિક ઐશ્વર્ય છુપાવી મનુષ્યદેહ ધારણ કરે છે. મનુષ્યના જેવી ચેષ્ટા કરે છે. ભગવાન મનુષ્યરૂપે અવતાર લે છે ત્યારે પોતાનો દિવ્ય ભાવ છુપાવી રાખવા ઉપર જ પોતાની દૃષ્ટિ રાખે છે. શ્રીકૃષ્ણે અર્જુનને દિવ્ય ભાવ દેખાડ્યો. દિવ્ય ભાવે અર્જુનને સુખ ન થયું. શ્રીકૃષ્ણે મનુષ્યરૂપે દર્શન આપ્યું, ત્યારે અર્જુનને સુખ થયું. પુરુષોત્તમ કૃપા કરીને પોતે જીવોના કલ્યાણ અર્થે પૃથ્વીને વિશે પ્રકટ થાય છે.

પરમાત્મા જ્યારે પૃથ્વી પર અવતાર લે છે ત્યારે મનુષ્ય જેવા થઈ વિચરે છે. પરમાત્મા જે જે તત્ત્વ અંગીકાર કરે છે તે તત્ત્વ પણ દિવ્ય બની જાય છે. પરમાત્મા તો સદા સાકાર જ છે. પરમાત્મા નિર્વિકાર અને સદા દિવ્ય છે. ભગવાનનાં ચરિત્ર સદા કલ્યાણકારી સમજવાં.

ભગવાનનો ભક્ત સદા જાણે છે કે ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહીં. ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી. ભગવાનનો દઢ આશ્રય જેને હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે, તોપણ તે દુઃખથી રક્ષણ કરનારો ભગવાન વિના બીજાને ન જાણે. 'ઉપાસના' તથા 'ધ્યાન' સિવાય આત્મદર્શન કે બ્રહ્મદર્શન થાય જ નહીં એવો એમનો સિદ્ધાંત. ભગવાનનું ધ્યાનભજન કરવું તે સાચા ઉપાસકનું લક્ષણ છે. ''જીવ, માયા ને ઈશ્વર'' એ ત્રણેના સ્વરૂપને રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. પરમાત્મા એક જ છે. પરમાત્માને ભજી જીવ પરમાત્માના સાધર્મ્યને પામે છે. પરમાત્મા જેવા થવા કોઈ સમર્થ નથી. સર્વ ક્રિયાના પ્રવર્તાવનાર અને સર્વના સ્વામી એક જ ભગવાન છે.

## ૯. વૈરાગ્ય

શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહીં તે વૈરાગ્ય જાણવો. વૈરાગ્ય પણ જ્ઞાનમુક્ત હોવો જોઈએ. આત્મા-પરમાત્માના જ્ઞાનમાંથી જે વૈરાગ્ય ઊપજે તે વૈરાગ્ય ખરો. 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.' જે ભગવાનને ભજે તેણે દઢ વૈરાગ્ય અને આત્મનિષ્ઠા રાખવાં જોઈએ. વૈરાગ્ય કરતાં પણ પરમેશ્વરે બાંધેલા નિયમોમાં રહેવાથી પંચવિષય સહેલાઈથી જિતાય છે. ભગવાનમાં હેત થઈ જાય તો વૈરાગ્ય એની મેળે જ આવે છે. જેણે સર્વ ઇન્દ્રિયોને જીતીને વશ કરી હોય તેને જ વૈરાગ્યવાન ને ધર્મવાળો જાણવો.

# ૧૦. ભક્તિ

શ્રીકૃષ્ણ ભગવાનને વિશે જ્ઞાન સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. સ્નેહ તો હોય પણ જ્ઞાન વિનાનો હોય, તો તે ભક્તિ ન કહેવાય. સ્નેહ હોય પરંતુ જો તે પરમાત્માને વિશે જ ન હોય, તો તે ભક્તિ ન કહેવાય. ભગવાનની ભક્તિ કોઈ વખાણે તે સારુ ન કરવી, પણ ભગવાનની પ્રસન્નતા અર્થે ને પોતાના કલ્યાણ સારુ કરવી. ભક્તિ કરવી, તે પણ પ્રકટ પ્રભુની કરવી. પરોક્ષની ભક્તિથી જીવનો મોક્ષ થતો નથી. પરમાત્મા જ્યારે આ પૃથ્વી ઉપર મનુષ્યતન ધારણ કરી પ્રકટ થાય છે ત્યારે જ આ જીવને પ્રકટની ભક્તિ કરવાની પળ પાકે છે.

પરમાત્મા પણ ભક્તિવશ છે. સહજાનંદ સ્વામીએ કહ્યું છે, ''આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરી જે કાર્ય મારે કરવાનું હતું તે મેં પૂર્ણ કર્યું છે. તથાપિ આ પૃથ્વી ઉપરથી હું અંતર્ધાન થઈશ, ત્યારે મારા ભક્તો તેમ જ ભવિષ્યમાં થનારા મારા આશ્રિતો અવલંબન વિનાના થઈ જશે તો તે સર્વના અવલંબન માટે મારે કાંઈ કરવું જોઈએ.''

સહજાનંદ સ્વામીએ ત્રણ પ્રકારે પોતે 'પ્રકટ' રહેવાનો નિશ્ચય કર્યો, પહેલો સંકલ્પ: 'મહામંદિરો' કરાવી તેમાં ભગવત્ પ્રતિમાઓ સ્થાપન કરી, તે દ્વારા 'પ્રકટ' રહી અનંત જીવોનું રક્ષણ કરવાનો. બીજો: ભક્તિમાર્ગની પુષ્ટિ માટે મંત્રદીક્ષાની અપેક્ષા હોઈ, ધર્મકુલમાં આચાર્યપદ — ગુરુપદ સ્થાપન કરી, તે દ્વારા 'પ્રકટ' રહી જીવોનું કલ્યાણ કરવાનો. અને ત્રીજો: ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિના સ્વરૂપનો સર્વને બોધ થવા સારુ

શતાનંદ મુનિ પાસે સત્સંગી જીવનગ્રંથ કરાવી તે દ્વારા તેમ જ અન્ય સત્શાસ્ત્રો દ્વારા પ્રકટ રહી જીવોની મુક્તિ કરવાનો.

પરમેશ્વરની ઉપાસના કરવા સારુ, ત્યાગનો પક્ષ મોળો કરી ભગવાનનાં મંદિર કરાવ્યાં છે. તેમાં જો થોડો ત્યાગ રહેશે, તોપણ ઉપાસના રહેશે તો તેણે કરીને ઘણા જીવને કલ્યાણ થશે.

''આચાર્ય પુરુષોને જ દીક્ષા આપે અને સમીપસંબંધ વિનાની અન્ય સ્ત્રીઓને મંત્રોપદેશ ક્યારેય ન આપે તથા અન્ય તેવી સ્ત્રીઓનો સ્પર્શ ન કરે, તેમ જ સંભાષણ તે સાથે ન કરે. એવી આજ્ઞા પોતે કરી, અને આચાર્ય પત્નીઓએ પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ મંત્રોપદેશ કરવો, પણ પુરુષોને ન કરવો. તથા પોતાના સમીપસંબંધ વિનાના પુરુષોનો સ્પર્શ ન કરવો, તેમ જ તેમની સાથે સંભાષણ ન કરવું, ને તેમને પોતાનું મુખ ન પણ દેખાડવું એવી આજ્ઞા કરી.'' આવી ધર્મમર્યાદા પોતે સ્થાપન કરી તે એ હેતુથી કે ભક્તિમાર્ગને વિશે ભવિષ્યમાં ભ્રષ્ટવાડો ન થવા પામે અને સ્ત્રીપુરુષોના ધર્મનું યથાસ્થિત રક્ષણ થાય.

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્‌ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)